dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue - 153 | AD - 2026, Fagan Vad - 08 | Wednesday, Dt. 11-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઘરેલું સિલિન્ડરના બુકિંગનો સમયગાળો ૨૧ દિવસથી વધારીને ૨૫ દિવસ કરવામાં આવ્યો

# યુધ્ધના કારણે ભારતમાં એલપીજી સપ્લાય ખોરવાયો : હોટલ ઉદ્યોગ કટોકટીમાં

નવી દિલ્હી, તા.૧૦

પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સશસ્ત્ર સંઘર્ષની સીધી અસર હવે ભારતના રસોડા અને હોટલ ઉદ્યોગ પર દેખાવા લાગી છે. હોર્મુઝની સામુદ્રધૂની બંધ થવાને કારણે આયાતી ગેસના પુરવઠામાં મોટા પાયે વિક્ષેપ પડ્યો છે. ભારત તેની કુલ એલપીજી જરૂરિયાતના આશરે ૬૨% આયાત કરે છે, જેમાંથી મોટો હિસ્સો આ દરિયાઈ માર્ગે આવે છે. આ કટોકટીને પહોંચી વળવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી વ્યૂહાત્મક આયોજન હાથ ધર્યું છે. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં ગેસની અછતને કારણે સૌથી વધુ માઠી અસર પડી છે. 'આહાર' હોટલ એસોસિએશનના જણાવ્યા મુજબ, મુંબઈની આશરે ૮,૦૦૦ હોટલોમાંથી ૨૦% અત્યારે જ બંધ થઈ ચૂકી છે. જો પુરવઠો સામાન્ય નહીં થાય, તો આગામી બે-ત્રણ દિવસમાં ૫૦% થી વધુ હોટલોને તાળા લાગી શકે છે. દિલ્હીમાં પણ સ્થિતિ ગંભીર છે, જ્યાં ૮૦% હોટલ ઉદ્યોગ સંકટમાં છે અને ક્લાઉડ કિચન તથા ઓનલાઈન ડિલિવરી સેવાઓ ખોરવાઈ છે. બેંગલુરુમાં લાકડા કે કોલસાના વપરાશ પર પ્રતિબંધ હોવાથી ત્યાંના ૪૦,૦૦૦ રેસ્ટોરાં



સંપૂર્ણપણે એલપીજી પર નિર્ભર છે, જે હવે બંધ થવાના જોખમ હેઠળ છે. પેટ્રોલિયમ મંત્રાલયે પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે કેટલાંક કડક પગલાં જાહેર કર્યા છે. તેલ રિફાઈનરીઓને પેટ્રોકેમિકલ ઉત્પાદન ઘટાડીને એલપીજી ઉત્પાદન મહત્તમ કરવા નિર્દેશ અપાયો છે. હાલ ઉત્પાદનમાં ૧૦% નો વધારો નોંધાયો છે. પ્રાથમિકતા ક્રમમાં ઘરેલું વપરાશ (જે કુલ વપરાશના ૮૭% છે) ને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી છે. બિન-ઘરેલું ક્ષેત્રમાં હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પ્રથમ પુરવઠો મળશે. રિ-બુકિંગ મર્યાદામાં સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા માટે ઘરેલું સિલિન્ડરના ઈન્ટર-બુકિંગનો સમયગાળો ૨૧ દિવસથી વધારીને ૨૫ દિવસ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારે ઘરેલું ગ્રાહકોને અવિરત પુરવઠો આપવા માટે ઔદ્યોગિક ગેસ સપ્લાયમાં ૫૦% નો કાપ મૂક્યો છે. કર્ણાટકના મંત્રી સંતોષ લાડે જણાવ્યું કે ભારત પાસે ૧૨ થી ૧૬ અઠવાડિયાનો સ્ટોક છે, પરંતુ આ આંતરરાષ્ટ્રીય મુદ્દો હોવાથી કેન્દ્રએ લાંબાગાળાનો ઉકેલ શોધવો પડશે. હરિયાણા સરકારે પણ કાળાબજાર રોકવા માટે કલેક્ટરોને દૈનિક રિપોર્ટિંગ કરવા સૂચના આપી છે. બીજી તરફ, નાગપુર વહીવટીતંત્રે જનતાને ગભરાટમાં ન આવવા અને પુરવઠો પૂરતો હોવાની ખાતરી આપી છે. હાલમાં ભારત વાર્ષિક ૩૧.૩ મિલિયન ટન એલપીજીનો વપરાશ કરે છે. આંતરરાષ્ટ્રીય સ્થિતિ જોતા, આગામી અઠવાડિયા ભારતની ઉર્જા સુરક્ષા માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે.

# રાજસ્થાનના ભીવાડીમાં બાંધકામ સ્થળે માટી ધસી પડતા ૭ શ્રમિકોના કરુણ મોત

ભીવાડી, તા.૧૦

દિલ્હી-જયપુર હાઈવે પર કાપરીવાસ વળાંક પાસે નિર્માણાધીન રહેણાંક પ્રોજેક્ટમાં ભોંયરાના ખોદકામ દરમિયાન માટી ધસી પડતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૭ શ્રમિકોના મોત નીપજ્યા છે. સિગ્નેચર ગ્લોબલ કંપનીના આ પ્રોજેક્ટમાં જ્યારે ઊંડું ખોદકામ ચાલી રહ્યું હતું, ત્યારે અચાનક માટીનો મોટો હિસ્સો શ્રમિકો પર પડતા અનેક લોકો દટાયા હતા. ઘટનાની જાણ



થતા જ પોલીસ અને SDRFની ટીમોએ જેસીબી મશીનો વડે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. કાટમાળમાંથી સતીશ, ભગીરથ અને શિવ શંકર સહિત સાત શ્રમિકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ગંભીર રીતે ઘાયલ અન્ય ચાર શ્રમિકો હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ અકસ્માતમાં બિલ્ડરની ગંભીર બેદરકારી પણ સામે આવી છે. આક્ષેપ છે કે દુર્ઘટના બાદ લગભગ બે કલાક સુધી વહીવટીતંત્રને જાણ કરવામાં આવી ન હતી અને મીડિયા તથા પરિવારજનોને પ્રવેશતા અટકાવવા મુખ્ય દરવાજો બંધ કરી બાઉન્સરો તૈનાત કરી દેવાયા હતા. આ બાબતે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને સ્થળ પર તણાવભર્યું વાતાવરણ સર્જાયું હતું. હાલ પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા અકસ્માતના ચોક્કસ કારણો જાણવા તપાસ તેજ કરવામાં આવી છે.

# ઈરાનની વિશ્વને ચેતવણી : હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓઈલનો પુરવઠો રોકવાની અને નવી શરતોની જાહેરાત

તેહરાન, તા.૧૦

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધના ૧૧મા દિવસે ઈરાની સેના (IRGC)એ આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાને જાહેરાત કરી છે કે તે હોર્મુઝ સ્ટ્રેટમાંથી એક લીટર ઓઈલ પણ બહાર જવા દેશે નહીં. ઈરાને નવી શરત મૂકી છે કે જે દેશો ઈઝરાયલ અને અમેરિકાના રાજદૂતોને હાંકી કાઢશે, તેમના જ જહાજોને આ માર્ગેથી પસાર



થવા દેવામાં આવશે. વિશ્વના ૨૦% તેલનો પુરવઠો આ માર્ગ પર નિર્ભર હોવાથી વૈશ્વિક અર્થતંત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. બીજી તરફ, તેહરાનમાં થયેલા ભીષણ હુમલાઓમાં અત્યાર સુધીમાં ૪૬૦ લોકોના મોત થયા છે અને ૪,૦૦૦થી

**જે દેશો ઈઝરાયલ અને અમેરિકાના રાજદૂતોને હાંકી કાઢશે, તેમના જ જહાજોને આ માર્ગેથી પસાર થવા દેવામાં આવશે : ઈરાન**

વધુ લોકો ઘાયલ થયા છે. આ તણાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે જો ઈરાન શરતો માને તો જ વાતચીત શક્ય છે, જોકે તેમણે ઈરાનના નવા નેતૃત્વ હેઠળ શાંતિ જળવાશે કે કેમ તે અંગે શંકા વ્યક્ત કરી છે.

### વિપક્ષના આકરા પ્રહારો અને સરકારનો વળતો જવાબ

# લોકસભા સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ પર ઉગ્ર ચર્ચા

નવી દિલ્હી, તા.૧૦

લોકસભામાં આજે સ્પીકર ઓમ બિરલાને પદ પરથી હટાવવા માટેના અવિશ્વાસ પ્રસ્તાવ પર ભારે હોબાળા વચ્ચે ચર્ચા થઈ હતી. ભારતીય સંસદીય ઈતિહાસની આ મહત્ત્વની ઘટનામાં વિપક્ષી સાંસદોએ સ્પીકર પર પક્ષપાત અને વિપક્ષનો અવાજ દબાવવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ દરમિયાન ગૃહની કાર્યવાહી ચલાવવા માટે ભાજપના સાંસદ જગદંબિકા પાલ અધ્યક્ષ સ્થાને બિરાજ્યા હતા. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ ચર્ચાની શરૂઆત કરતા જણાવ્યું હતું કે, "અમે આ પ્રસ્તાવ લાવીને ખુશ નથી, પરંતુ લોકશાહીની ગરિમા બચાવવા માટે અમને આ પગલું ભરવાની ફરજ પડી છે." તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષના નેતાને ગૃહમાં બોલવાની મંજૂરી આપવામાં આવતી નથી અને લગભગ ૨૦ થી વધુ વખત તેમના માઈક્રોફોન બંધ કરી દેવામાં આવ્યા છે. ગોગોઈએ સ્પીકર પર નિષ્પક્ષતા ન જાળવવાનો અને માઈક્રોફોનનો હથિયાર તરીકે ઉપયોગ કરવાનો



આક્ષેપ કર્યો હતો. ગૃહમંત્રી અમિત શાહે ગોગોઈના આરોપોનું ખંડન કરતા કહ્યું કે તેઓ સ્પીકરના પદ અને બંધારણીય જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરી રહ્યા છે. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટ કર્યું કે આ ચર્ચા બંધારણના અનુચ્છેદ ૯૪ હેઠળ થઈ રહી છે, જે મુજબ જ્યારે સ્પીકર વિરુદ્ધ પ્રસ્તાવ હોય ત્યારે તેઓ પોતે અધ્યક્ષ સ્થાને બેસી શકતા નથી. તેમણે અગાઉના સંસદીય શિષ્ટાચારના ઉદાહરણો આપી વિપક્ષને આડે હાથ લીધા હતા. ચર્ચા દરમિયાન કે.સી. વેણુગોપાલે ડેપ્યુટી સ્પીકરની નિમણૂક ન કરવા બદલ સરકારની ટીકા કરી હતી અને તેને બંધારણીય શૂન્યાવકાશ ગણાવ્યો હતો. હંગામો વધતા અને નરવણેના પુસ્તક મુદ્દે વિવાદ થતા ગૃહની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હતી. સમગ્ર ચર્ચા દરમિયાન સત્તાધારી પક્ષે સ્પીકરની કામગીરીનો બચાવ કર્યો હતો, જ્યારે વિપક્ષે સંસદીય ગરિમાના નામે સરકારને ઘેરી હતી.


# ઈન્ડિગો સંકટના ૩ મહિના બાદ CEO પીટર એલ્બર્સનું રાજીનામું, રાહુલ ભાટિયા કમાન સંભાળશે

નવી દિલ્હી, તા.૧૦

ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) પીટર એલ્બર્સે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. મંગળવાર, ૧૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ કંપનીએ રેગ્યુલેટરી ફાઈલિંગ દ્વારા આ જાણકારી આપી હતી. એલ્બર્સના સ્થાને હવે કંપનીના ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર રાહુલ ભાટિયા વચગાળાના ધોરણે એરલાઈનની જવાબદારી સંભાળશે. ઉલ્લેખનીય છે કે, ત્રણ મહિના પહેલા ઈન્ડિગોને ફ્લાઈટ ઓપરેશન્સમાં ભારે સંકટનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે આશરે ૩ લાખ




મુસાફરો મુસીબતમાં મુકાયા હતા અને કંપનીને રૂ.૨૦૦૦ કરોડનું મોટું નુકસાન થયું હતું. આ બેદરકારી બદલ DGCA દ્વારા કંપની પર રૂ.૨૨.૨૦ કરોડનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ ભીષણ કટોકટી બાદ મેનેજમેન્ટમાં થયેલો આ ફેરફાર ઉદ્યોગ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. ડિસેમ્બરમાં સર્જાયેલા ફ્લાઈટ સંકટ બાદ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ ઈન્ડિગો વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું હતું. તપાસમાં બહાર આવ્યું કે એરલાઈને મુસાફરોની સુવિધા અને સુરક્ષાના નિર્ધારિત ધોરણોમાં ગંભીર બેદરકારી દાખવી હતી, જેના પરિણામે ઈન્ડિગો પર રૂ.૨૨.૨૦ કરોડનો તોતિંગ દંડ ફટકારવામાં આવ્યો હતો. ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે આ ઘટના બાદ જ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને CEO વચ્ચેના તાલમેલમાં ઘટાડો થયો હતો, જે અંતે CEOના રાજીનામામાં પરિણમ્યો છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૧-૦૩-૨૦૨૬

# સાવરકુંડલા વિસ્તારમાં રૂ. ૨.૩૯ કરોડના વિકાસકામોનું ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા તાલુકામાં વિકાસની ગતિને વેગ આપવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ ગામોમાં રૂ.૨.૩૯ કરોડના ખર્ચે તૈયાર થનારા જનસુવિધાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ વિકાસ કાર્યો અંતર્ગત ખાલપર ગામે રૂ.૯૬.૭૦ લાખના ખર્ચે અને વાશીયાળી ગામે રૂ.૧.૧૮ કરોડના ખર્ચે નવી પ્રાથમિક શાળાના બિલ્ડિંગોનું નિર્માણ કરવામાં આવશે. આ સાથે જ નાની વડાળ ગામે રૂ.૨૫ લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયત ભવનના નિર્માણ કાર્યનો પ્રારંભ કરાવતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગામડાઓમાં સુવિધા અને શિક્ષણને મજબૂતી આપવી એ જ અમારો મુખ્ય લક્ષ્ય છે.આ વિકાસ કાર્યો દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વધુ સુદ્રઢ બનશે તથા નાગરિકોને પાયાની સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થશે.

# ધારીના વેકરીયાપરા વિસ્તારમાં લગ્નના ફૂલેકામાં બઘડાટી બોલી

ધારી, તા.૧૦



ધારીના વેકરિયાપરા હેમરાજીયા પુલ પાસેથી દેવી પૂજક સમાજના વરરાજાનું ડી.જે.ના તાલે બગી સાથે ફુલેકુ નીકળ્યું હતું.

ફૂલેકામાં અંદરો અંદર થયો ડખો હતો, જેમાં એક વ્યકતિને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. મનીષ જીણાભાઈ વાઘેલાને ઈજા થતા ધારીમાં સરકારી દવાખાને ખસેડાયા હતા.

ઘટનાની જાણ થતા ધારી પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. વરરાજા રમેશ ભગુભાઈ વાઘેલા પક્ષનાં મહિલાઓએ પોલીસ સાથે ઘર્ષણ કર્યું હતું. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી હતી.

# બ્રહ્માકુમારીઝ દ્વારા મહિલા દિવસ નિમિતે ખેલ કૂદની વિવિધ સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૧૦




આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ચિત્તલ રોડ સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા વિશેષ રમતગમત સ્પર્ધા યોજાઈ હતી. 'બોડી એન્ડ માઈન્ડ ફીટ એન્ડ ફાઈન' થીમ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ૮ થી ૮૦ વર્ષની ૧૦૦થી વધુ મહિલાઓએ ૧૦૦ મીટર દોડ, માટલા દોડ અને રસ્સા ખેંચ જેવી ૭ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમબેન કુમકિયાએ સંસ્થાની પ્રેરણાદાયી પ્રવૃત્તિઓને બિરદાવી ૯ બ્રહ્માકુમારી બહેનોને 'સ્ટ્રોંગ વુમન એવોર્ડ'થી સન્માનિત કર્યા હતા. બી.કે. ગીતાબહેન અને કિજલદીદીના માર્ગદર્શન હેઠળ બી.કે. આઈ.પી. બારડે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં વિદાય લેતા કર્મચારીઓનો ભવ્ય નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૯



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તાજેતરમાં હિન્દી વિભાગના અધ્યક્ષ અને પૂર્વ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગિરીશભાઈ વી. વેલિયત તથા ચોથા વર્ગના કર્મચારી નલિનભાઈ સરવૈયાનો સેવાનિવૃત્તિ વિદાય સન્માન સમારોહ યોજાયો હતો. સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બંને નિવૃત્ત કર્મચારીઓને તેમના દીર્ઘકાલીન સેવા બદલ પુષ્પગુચ્છ, શાલ અને સન્માનપત્ર અર્પણ કરી બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી, જેમાં કોલેજ સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

# અમરેલી માર્કેટ યાર્ડમાં ધાણાની મસમોટી આવક: બુધવાર સાંજ સુધી પ્રવેશ બંધ

અમરેલી, તા.૧૦

અમરેલી માર્કેટ યાર્ડમાં ધાણાની ખૂબ જ મોટા પ્રમાણમાં આવક થવાને કારણે યાર્ડ દ્વારા આવક પર હંગામી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તા.૧૦/૦૩/૨૦૨૬ અને તા.૧૧/૦૩/૨૦૨૬ એમ બે દિવસ સુધી હરરાજી ચાલે તેટલો ધાણાનો જથ્થો સંસ્થામાં આવી ગયેલ હોવાથી અને વાહન રાખવાની જગ્યાના અભાવે સંસ્થા દ્વારા હાલ ધાણાની આવકને તા.૧૧/૦૩/૨૦૨૬ ને બુધવારના રોજ સાંજે ૪-૦૦ કલાક સુધી બંધ કરવામાં આવી છે. બજાર સમિતિ-અમરેલીના સેક્રેટરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ધાણાની આવક માટેનો પ્રવેશ નિર્ધારિત સમય સુધી બંધ રહેશે, જેની ખેડૂતભાઈઓ, વાહનધારકો અને તમામ લાગતા-વળગતાઓએ ખાસ નોંધ લેવી. તેમજ જ્યાં સુધી નવી જાહેરાત ન થાય ત્યાં સુધી ધાણાનો જથ્થો લઈને યાર્ડમાં ન આવવા માટે યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# સંગઠનને વધુ મજબૂત બનાવવા જિલ્લા ભાજપ પ્રભારી અભયસિંહ ચૌહાણ ચલાલાની મુલાકાતે

ચલાલા, તા. ૧૦



અમરેલી જિલ્લામાં ભાજપના સંગઠનને વધુ વેગવંતું બનાવવા નવનિયુક્ત જિલ્લા સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણે ચલાલા શહેર મંડળની મુલાકાત લીધી હતી. લઘુ મહંત પૂજ્ય મહાવીર બાપુ,જિલ્લા ભાજપના મહામંત્રી રાજુભાઈ, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જયરાજભાઈ વાળાનું સન્માન કરવામાં આવ્યું હતું આ બેઠકમાં મહામંત્રી ચિરાગભાઈ માલવિયા, અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રવીણભાઈ માલવિયા સહિત વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, નગરપાલિકાના સદસ્યો અને વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના થોરખાણ ગામે સાકરીયા પરિવાર દ્વારા માતાજીનો નવરંગો માંડવો યોજાશે

બાબરા તા.૧૦

બાબરા તાલુકાના થોરખાણ ગામે સમસ્ત સાકરીયા પરિવાર દ્વારા આગામી ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ આઈ શ્રી ખોડિયાર માતાજીનો ૨૪ કલાકનો ભવ્ય 'નવરંગો માંડવો' યોજાશે. સ્વ. રાખડીબંધ ભુવા ભીમજી દાદાના માનેલા સુરાપુરા શ્રી વાલા દાદાના સાનિધ્યમાં આ ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.કાર્યક્રમ દરમિયાન માતાજીના સામૈયા, થાંભલી રોપણ, દાંડિયા રાસ અને મહાપ્રસાદ જેવા વિવિધ પ્રસંગો યોજાશે. માંડવાના રાવળદેવ તરીકે બળદેવભાઈ, નિલેશભાઈ અને કાથળભાઈ રાવળદેવ ડાક-ડમરૂના તાલે માતાજીની આરાધના કરશે. આ પ્રસંગે પંચના ભુવાઓ તેમજ પઢિયારોને વિશેષ આમંત્રણ અપાયું છે.સાણથલી રોડ સ્થિત સાકરીયા પરિવારની વાડીએ યોજાનારા આ પ્રસંગને સફળ બનાવવા પ્રદીપભાઈ, દિલીપભાઈ સહિત સમગ્ર સાકરીયા પરિવાર જહેમત ઉઠાવી રહ્યો છે.

# રાજુલા પોલીસે બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો:બે રીઢા ગુનેગારોની ધરપકડ

રાજુલા,તા.૧૦



રાજુલાના હિંડોરણા ગામે રાધિકા હોટલ પાસેથી ચોરાયેલી મોટર સાયકલનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. ગત તા. ૦૫/૦૩/૨૦૨૬ના રોજ ચોરાયેલા રૂ.૨૦,૦૦૦ની કિંમતના બાઈક (GJ-૧૧-AG-૮૧૩૫) અંગેની ફરિયાદ બાદ પી.આઈ. વી.એમ. કોલાદરાની ટીમે ટેકનિકલ મદદ અને સીસીટીવી ફૂટેજ દ્વારા તપાસ હાથ ધરી હતી. પોલીસે આ ગુનામાં લોઠપુર ગામના બે શખ્સો, લાલજી ઉર્ફે 'લાલો' સોલંકી અને મનુભાઈ મકવાણાની ધરપકડ કરી મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા બંને આરોપીઓ ટ્રક ડ્રાઈવીંગ સાથે સંકળાયેલા છે અને તેમની સામે ચોરી, લૂંટ તથા પ્રોહિબિશન સહિતના ૨૦ થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.










## રાજુલાના મહે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ અરજી નં. /૨૦૨૫

અરજદારશ્રી :- ધાખડા પહુભાઈ માત્રાભાઈ
ઉ.વ.૪૯, ધંધો : ખેતી, ધર્મે હિન્દુ
રહે : મુ. વડ તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : વડ તા.રાજુલા જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વડ ગામના રહીશ ધાખડા પહુભાઈ માત્રાભાઈ એ તેમના પિતા સ્વ. માત્રાભાઈ રાણીંગભાઈ ધાખડા નું તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ વડ મુકામે મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## રાજુલાના મહે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ અરજી નં.૨૫/૨૦૨૬

અરજદારશ્રી :- શિયાળ રમેશભાઈ લખમણભાઈ
ઉ.વ.૪૪, ધર્મે હિન્દુ, ધંધો મજુરી
રહે : મુ. વિસળીયા તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : વિસળીયા તા.રાજુલા જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા ગામના રહીશ શિયાળ રમેશભાઈ લખમણભાઈની પુત્રી નં.૩ શિયાળ અંજલીબેન રમેશભાઈ નો જન્મ તા.૨૩/૦૯/૨૦૧૪ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૫૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી અરડુ મનાભાઈનાગભાઈ
સરનામું :- મુ.મજાદર તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મજાદર, તા.રાજુલા, જી. અમરેલી

### -:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મજાદર મુકામે ના શ્રી અરડુ મનાભાઈનાગભાઈ એ તેમના પુત્ર નામે શ્રી અરડુ જયદેવ મનાભાઈ નો જન્મ તા.૧૦/૦૧/૨૦૧૩ ના રોજ રાજુલા તાલુકાના મજાદર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૬૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ધરમદાસબાપુ ગુરૂ શ્રી નારણદાસબાપુ ઉર્ફે ધીરૂભાઈ નારણભાઈ વોરા
સરનામું :- મુ.જૂની બારપટોળી તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - જૂની બારપટોળી, તા.રાજુલા, જી. અમરેલી

### -:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના જૂની બારપટોળી મુકામે ના શ્રી ધરમદાસબાપુ ગુરૂ શ્રી નારણદાસબાપુ ઉર્ફે ધીરૂભાઈ નારણભાઈ વોરા એ તેમના માતા નામે સ્વ.મણીબેન નારણભાઈ વોરા નું મરણ તા. ૨૭/૦૫/૨૦૧૫ ના રોજ રાજુલા તાલુકાના જૂની બારપટોળી મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.આર.સીંધવ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# સાવરકુંડલાના પીપરડી ગામે પુત્રને કુસંગતથી બચાવવા જતાં પિતા પર ધારીયા વડે જીવલેણ હુમલો કરાયો

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામે પિતા અને પુત્રના સંબંધોમાં ઝેર ઘોળતા એક શખ્સ સામે અવાજ ઉઠાવવો પિતાને ભારે પડ્યો હતું. પુત્રને ખરાબ સંગતમાંથી છોડાવવા માટે ઠપકો આપતા ઉશ્કેરાયેલા શખ્સે ફરિયાદી પર લોખંડના ધારીયા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બનાવ અંગે વિનુભાઈ બચુભાઈ વાઘેલાએ દિનેશભાઈ મથુરભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ મૂળ પીપરડી ગામના વતની છે અને સુરતથી આજે પરત ઘરે આવ્યા હતા. ઘરે આવીને જોયું તો તેમનો પુત્ર મનોજભાઈ હાજર નહોતો. મનોજભાઈ પડોશમાં રહેતા આરોપી સાથે ખરાબ સંગતમાં હોવાથી તેમણે આ બાબતે અગાઉ પણ ચિંતા વ્યક્ત કરી હતી. બપોરના દોઢ વાગ્યાના અરસામાં જ્યારે આરોપી તેના ઘરે આવ્યો, ત્યારે તેમણે તેને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, મારા દીકરાને તારી સાથે રાખીને બગાડ નહીં અને આજ પછી મારા ઘરે આવતો નહીં. આ સાંભળીને આરોપી એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ ઉશ્કેરાટમાં આવીને સૌપ્રથમ તેને ગાળો ભાંડી હતી અને જમણા પડખાના ભાગે કોણી મારી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ તે પોતાના ઘરેથી લોખંડનું ધારદાર ધારીયું લઈ આવ્યો હતો. તેઓ જીવ બચાવવા ભાગ્યા ત્યારે આરોપીએ આજે તો તને પતાવી દેવો છે તેવી મારી નાખવાની ધમકી આપી હતી.

# ધારીના માણાવાવમાં સિંહણે પાંચ વર્ષના માસૂમ બાળકને ફાડી ખાધો

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના માણાવાવ ગામની સીમમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં ખેતમજૂરી કરતા પરિવારના ૫ વર્ષીય પુત્ર ધવલ ઈશ્વરભાઈ કટારા પર સિંહણે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યો છે. જ્યારે બાળક વાડી વિસ્તારમાં હતું, ત્યારે અચાનક સિંહણે તેના પર ત્રાટકી તેને ખેતરમાં દૂર સુધી ઢસડી ગઈ હતી. આ ભયાનક હુમલામાં માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જેના કારણે સ્થાનિક ખેતમજૂરો અને ગ્રામજનોમાં ભય વ્યાપી ગયો છે. ઘટનાની જાણ થતા જ સરસીયા રેન્જના RFO સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. DCF વિકાસ યાદવે આ મામલાને ગંભીરતાથી લઈ હુમલાખોર સિંહણને પાંજરે પૂરવા માટે તાત્કાલિક અલગ-અલગ ત્રણ ટીમોની રચના કરી છે. બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. વનવિભાગ દ્વારા સિંહણને પકડવા માટે વિવિધ સ્થળોએ પાંજરા ગોઠવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલ સમગ્ર પંથકમાં ભય અને શોકનું મોજું ફરી વળ્યું છે.






BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## લીલીયાની દીકરી શિવાની સેજપાલ P.S.I. માં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થતા લોહાણા સમાજ દ્વારા ભવ્ય સન્માન



લીલીયા, તા.૧૦

લીલીયા મોટાના રહેવાસી અને લોહાણા સમાજના અગ્રણી પરેશભાઈ જે. સેજપાલની પુત્રી શિવાની સેજપાલ પી.એસ.આઈ. (P.S.I.)ની પરીક્ષામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થતા લોહાણા સમાજ અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. અગાઉ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા શિવાનીએ પોતાની મહેનત અને દૃઢ સંકલ્પથી આ સિદ્ધિ મેળવી છે. આ સફળતાને બિરદાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે લીલીયા ખાતેના જલારામ મંદિર હોલમાં એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

# નશામાં ટલ્લી થઈને ફરતાં અડધો ડઝન પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી નશામાં ચૂર થઈને ફરતાં ૬ ઈસમો પકડાયા હતા. પીઠવડી, જાફરાબાદ, અમરેલી, અમરપુર (વરૂડી), વાવેરા, દામનગરમાંથી એક-એક મળી કુલ છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. રાજુલાના ડોળીયા ગામે છાપરી ગામ જવાના રોડ પાસેથી બે લીટર તથા જાફરાબાદ નવા પુલ પાસેથી એક લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

## શ્રી હુડલી ગ્રામ પંચાયત, તા.ધારી જી. અમરેલી

**જાહેરાત હરરાજી**

આથી ધારી તાલુકાના હુડલી ગામે આવેલી જુની જર્જરિત મિલ્કત આવેલ છે. જેની હરરાજી કરવાની હોય જેની વિગત અનુક્રમે નીચે મુજબ છે.

(૧) જર્જરિત પાણીની ટાંકી : તા.પં.ધારીના પત્ર નં./જીર્ણ મકન તોડવા/ મંજુરી/વશી/૦૪/૫૯/૨૦૨૫ તા.૧૦/૦૯/૨૦૨૫ ના હુકમથી તોડવાની મંજુરી આવેલ છે.
અપસેટ પ્રાઈઝ ૫૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા

(૨) જર્જરિત બસ સ્ટેન્ડ : તા.પં.ધારીના પત્ર નં./જીર્ણ મકન તોડવા/ મંજુરી/વશી/૦૪/૦૮/૨૦૨૫ તા.૦૪/૦૮/૨૦૨૫ ના હુકમથી તોડવાની મંજુરી આવેલ છે.
અપસેટ પ્રાઈઝ ૭૦૦૦/- અંકે રૂપિયા સાત હજાર પુરા

(૩) આંગણવાડી કેન્દ્ર (પંચાયતની અંદર) : જીલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રીની કચેરી આઈ.સી.ડી.એસ. શાખા આઈ.સી.ડી.એસ./બાંધકામ/જ.મ.તોડી/૦૧-૪૯/વશી/૨૦૨૬ તા.૨૦/૦૧/૨૦૨૬ના હુકમથી તોડવાની મંજુરી આવેલ છે.
અપસેટ પ્રાઈઝ ૨૨૦૦૦/- અંકે રૂપિયા બાવીસ હજાર પુરા

ઉપરોક્ત ત્રણેય મિલ્કતની જાહેર હરરાજી ગ્રામ પંચાયત હુડલીની સામાન્ય સભામાં સભાની બેઠક તા.૦૩/૦૩/૨૬માં ઠરાવ નં. ૦૫ થી નક્કી કરવામાં આવેલ હોય જેની જાહેર હરરાજી તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે રાખેલ છે. જેથી રસ ધરાવનાર તમામ ઈસમોએ સમયસર હાજર રહેવું.

-: શરતો :-

૧. હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટેની રકમ રોકડથી ભરવાની રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી સૌથી ઊંચી બોલીથી પસંદ થયેલ વ્યક્તિએ જેતે રકમ તે જ દિવસે રોકડ/ચેક/ડીડી સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાના રહેશે.
૩. પસંદ થયેલ વ્યક્તિ/એજન્સીએ આ કામ મળ્યે દિન -૫માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનીની જવાબદારી જે તે વ્યક્તિ/ એજન્સીની રહેશે.
૫. હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર હુડલી ગ્રામ પંચાયતને રહેશે.

**હરરાજીનું સ્થળ : હુડલી ગ્રામ પંચાયત કચેરી, તા.ધારી, જી. અમરેલી**
**તારીખ : ૨૩/૦૩/૨૦૨૬ (સોમવાર) સવારે : ૧૧:૦૦ કલાકે**

(પી. કે.ચાવડા) તલાટી કમ મંત્રી હુડલી ગ્રામ પંચાયત
(એન.પી.સોલંકી) સરપંચશ્રી હુડલી ગ્રામ પંચાયત


શું તમને સાંભળવાની તકલીફ છે ?

☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ઓજસ કલાસીસ - અમરેલી | દિપક ભટ્ટ : 98797 69451
: આખા દિવસનું ટાઈમ ટેબલ :
સવારે : ૮ થી ૧૦ સ્પોકન ઈંગ્લિશનાં વર્ગો
સવારે : ૧૦ થી ૧૨ સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
બપોરે : ૧૨ થી ૨ ગણિત/રીઝનિંગનાં વર્ગો
બપોરે : ૨ થી ૪ સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
બપોરે : ૪ થી ૬ સ્પોકન ઈંગ્લિશનાં વર્ગો
સાંજે : ૬ થી ૮ સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
: ફી ની વિગત :
➥ કલાસીસની માસિક ફી : રૂા.૧૦૦૦/-
➥ લાઈબ્રેરીની માસિક ફી : રૂા.૧૦૦૦/-
કલાસીસ અને લાઈબ્રેરી બંનેમાં સાથે જોઈન કરો તો... માસિક ફી : રૂા.૧૫૦૦/- માં


## નાની ગરમલી ગ્રામ પંચાયત કચેરી

તા.ધારી, જિ.અમરેલી

**નાની ગરમલી ગામે જર્જરીત પાણીની ટાંકીની (રામજી મંદિર સામેની) હરરાજી કરવા અંગેની જાહેરાત**

ધારી તાલુકાના નાની ગરમલી ગામે જર્જરીત પાણીની ટાંકીને (રામજી મંદિર સામે) પાડીને સમથળ કરાવવા માટે હરરાજી રાખેલ હોઈ રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે કે શ્રી અધિક મદદનીશ ઈજનેર સાહેબ ધારીના તારીખ ૨૨/૦૨/૨૦૨૬ના પત્રથી નક્કી કરી આપ્યા મુજબ જર્જરિત હાલતમાં જણાયેલ છે.

-: શરતો :-

૧. હરરાજીમાં ભાગ લેનારે ડીપોઝીટ પેટે રૂા. ૪૦૦/- રોકડથી ભરવાના રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ પૈકી સૌથી ઊંચી બોલીથી પસંદ થયેલ વ્યક્તિએ જેતે રકમ તે જ દિવસે રોકડ/ચેક સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરાવવાના રહેશે.
૩. પસંદ થયેલ વ્યક્તિ/એજન્સીએ આ કામ મળ્યે દિન -૭માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનીની જવાબદારી જે તે વ્યક્તિ/ એજન્સીની રહેશે.
૫. નાની ગરમલી ગ્રામ પંચાયત હસ્તકની જર્જરિત પાણીની ટાંકીની અપસેટ પ્રાઈઝ રૂા.૪૦૦૦/- છે.

**હરરાજીનું સ્થળ : નાની ગરમલી ગ્રામ પંચાયત કચેરી, તા.ધારી, જી. અમરેલી**
**તારીખ : ૨૩/૦૩/૨૦૨૬ (સોમવાર) બપોરે : ૧૨:૦૦ કલાકે**

હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધિત અધિકાર નાની ગરમલી ગ્રામ પંચાયતને રહેશે.

(કે.પી.પરમાર) તલાટી કમ મંત્રી નાની ગરમલી ગ્રામ પંચાયત
(જી.વી.વાળા) સરપંચશ્રી નાની ગરમલી ગ્રામ પંચાયત

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૧૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી સોલંકી દિલુભાઈ લવજીભાઈ
સરનામું :- મુ.વિસળીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી સોલંકી દિલુભાઈ લવજીભાઈ એ તેમના પુત્ર નામે શ્રી મહેશભાઈ દિલુભાઈ લવજીભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૦૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લક્ષ્મીબેન ગોપાલભાઈ સરવૈયા
સરનામું :- મુ.વિસળીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી લક્ષ્મીબેન ગોપાલભાઈ સરવૈયા એ તેમના પતિ નામે સ્વ.ગોપાલભાઈ નારણભાઈ સરવૈયા નું મરણ તા.૨૨/૦૭/૨૦૦૭ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૦૯/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી બારૈયા સોમાતભાઈ ડાયાભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી બારૈયા સોમાતભાઈ ડાયાભાઈ એ તેમના પિતાશ્રી નામે સ્વ.બારૈયા ડાયાભાઈ રામભાઈ નું મરણ તા.૦૧/૦૮/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી. શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૦/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૭૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી પોપટભાઈ રણછોડભાઈ ચૌહાણ
સરનામું :- મુ.જૂની બારપટોળી તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - જૂની બારપટોળી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના બારપટોળી મુકામે ના શ્રી પોપટભાઈ રણછોડભાઈ ચૌહાણ એ તેમની નાના ભાઈ નામે શ્રી છગનભાઈ રણછોડભાઈ ચૌહાણ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ ના રોજ રાજુલા તાલુકાના બારપટોળી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એ.વિંછી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૨૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ રમેશભાઈ સુખાભાઈ
સરનામું :- મુ.વિસળીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી શિયાળ રમેશભાઈ સુખાભાઈ એ તેમના પુત્રી નામે શ્રી લલીતાબેન રમેશભાઈ શિયાળ નો જન્મ તા.૧૫/૦૮/૨૦૦૬, ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૧૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી દેવશીભાઈ ભગવાનભાઈ ચૌહાણ
સરનામું :- મુ.વિસળીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી દેવશીભાઈ ભગવાનભાઈ ચૌહાણ એ તેમના પુત્રી નામે શ્રી હેતલબેન દેવશીભાઈ ચૌહાણ નો જન્મ તા.૩૦/૦૮/૨૦૦૩, ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૮૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા પાતાભાઈ રાજાભાઈ
સરનામું :- મુ.ખેરા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ગુજરીયા પાતાભાઈ રાજાભાઈ એ તેમના પુત્રી નામે શ્રી જીતુબેન પાતાભાઈ ગુજરીયા નો જન્મ તા.૨૦/૦૩/૨૦૧૪, ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૯૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગજેરા મુક્તાબેન વલ્લભભાઈ W/O રાદડીયા વલ્લભભાઈ
સરનામું :- મુ.ગાધકડા તા.સાવરકુંડલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોટા આગરીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના ગાધકડા મુકામે ના શ્રી ગજેરા મુક્તાબેન વલ્લભભાઈ W/O રાદડિયા વલ્લભભાઈ એ તેમની માતાશ્રી નામે સ્વ.ગજેરા નબુબેન વલ્લભભાઈ નું મરણ તા.૧૫/૦૯/૨૦૦૮ ના રોજ રાજુલા તાલુકાના મોટા આગરીયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૩૯૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રામ ટપુભાઈ બઘાભાઈ
સરનામું :- ઠે.ભેરાઈ તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ભેરાઈ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ મુકામે ના શ્રી રામ ટપુભાઈ બઘાભાઈ એ તેમના પુત્ર નામે શ્રી સાવજ ટપુભાઈ રામ નો જન્મ તા.૦૭/૧૦/૨૦૦૪, ના રોજ રાજુલા તાલુકાના ભેરાઈ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૪૦૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લક્ષ્મીબેન ગોપાલભાઈ સરવૈયા
સરનામું :- મુ.વિસળીયા તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી લક્ષ્મીબેન ગોપાલભાઈ સરવૈયા એ તેમના પુત્ર નામે શ્રી સરવૈયા વિપુલભાઈ ગોપાલભાઈ નો જન્મ તા.૨૮/૦૭/૨૦૦૩, ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬
સહી. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

## તંત્રી લેખ

# વીજ ક્ષેત્રમાં સુધારા કે ખાનગીકરણનો માર્ગ?

ઉર્જાના અનેક રૂપ છે જેમાં કાઈનેટિક પાવર, થર્મલ પાવર,કોસ્મિક પાવર,સોલાર પાવર ની જેમ જ વીજળી પણ ઉર્જા નું એક રૂપ છે વર્તમાન સમયમાં જગત આખાનું ચાલક બળ વીજળી છે.દેશમાં વીજળી માત્ર એક સુવિધા નથી, પરંતુ સામાન્ય નાગરિકના જીવન અને દેશના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ આધાર છે. ખેતી, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય અને ઘરગથ્થુ જીવન તમામ ક્ષેત્રો વીજળી પર આધારિત છે. તેથી વીજ ક્ષેત્ર સંબંધિત કોઈપણ નીતિ કે કાયદો દેશના લાખો લોકોના જીવન પર સીધી અસર કરે છે. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં રજૂ થનાર લઈને દેશભરમાં ચર્ચા અને વિરોધ બંને જોવા મળી રહ્યા છે.ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન (AIPEF) દ્વારા દેહરાદૂનમાં યોજાયેલી ફેડરલ એક્ઝિક્યુટિવ બેઠકમાં આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ફેડરેશનના ચેરમેન શૈલેન્દ્ર દુબે અને સેક્રેટરી જનરલ પી. રત્નાકર રાવે જણાવ્યું હતું કે સરકાર સંસદના ચાલુ બજેટ સત્ર દરમિયાન આ બિલ રજૂ કરવા અને પસાર કરવાની તૈયારીમાં છે. વીજ કર્મચારીઓ, એન્જિનિયરો, ખેડૂત સંગઠનો અને ગ્રાહક જૂથો દ્વારા અનેક વાંધાઓ રજૂ કરવામાં આવ્યા હોવા છતાં સરકાર પૂરતી ચર્ચા અને લોકશાહી પરામર્શ વિના બિલને આગળ ધપાવી રહી હોવાનું ફેડરેશનનું માનવું છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને AIPEF દ્વારા દેશવ્યાપી આંદોલનનું એલાન કરવામાં આવ્યું છે.આંદોલન પાછળનું મુખ્ય કારણ વીજ ક્ષેત્રમાં વધતા ખાનગીકરણના પ્રયાસો છે. ફેડરેશનના મત મુજબ, વિતરણ કંપનીઓ એટલે કે ડિસ્કોમ્સ ના ખાનગીકરણને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર રાજ્યો પર પરોક્ષ દબાણ કરી રહી છે. કેન્દ્ર તરફથી મળતી નાણાકીય સહાયને કેટલીક શરતો સાથે જોડવામાં આવી રહી છે. જેમ કે, ડિસ્કોમ્સમાં ખાનગી ઈક્વિટી રોકાણ, ખાનગી કંપનીઓને મેનેજમેન્ટ કંટ્રોલ આપવું અને કંપનીઓને સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ કરવી જેવી શરતોનો સમાવેશ થાય છે.વીજ કર્મચારીઓ અને એન્જિનિયરોનું માનવું છે કે આ પ્રકારની નીતિઓ અંતે વીજ ક્ષેત્રના સંપૂર્ણ ખાનગીકરણ તરફ લઈ જઈ શકે છે. તેમની દલીલ છે કે વીજળી જેવી જાહેર સેવા સંપૂર્ણપણે નફા આધારિત ખાનગી કંપનીઓના હાથમાં સોંપવામાં આવે તો સામાન્ય ગ્રાહકો માટે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. ખાસ કરીને ગ્રામિણ અને દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે વીજળીની ઉપલબ્ધતા અને ખર્ચ બંને મુદ્દાઓ ગંભીર બની શકે છે.ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં વીજ વિતરણ માત્ર વ્યવસાયિક પ્રવૃત્તિ નથી, પરંતુ સામાજિક જવાબદારી પણ છે. ગ્રામિણ વિસ્તારોમાં વીજળી પહોંચાડવી ઘણી વખત નફાકારક નથી હોતી, છતાં સરકારી કંપનીઓ આ સેવા પૂરી પાડે છે. જો ખાનગી કંપનીઓને આ ક્ષેત્રમાં સંપૂર્ણ નિયંત્રણ મળે, તો તેઓ નફો ન મળતા વિસ્તારોમાં સેવા આપવાની ઈચ્છા ઓછું રાખે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવે છે.બીજી તરફ, સરકારનું તર્ક એ છે કે વીજ ક્ષેત્રમાં કાર્યક્ષમતા વધારવા અને નુકસાન ઘટાડવા માટે સુધારા જરૂરી છે. ઘણા રાજ્યોમાં ડિસ્કોમ્સ ભારે નાણાકીય નુકસાનમાં ચાલી રહ્યા છે. વીજ ચોરી, બાકી બિલો અને વ્યવસ્થાપનના અભાવને કારણે વીજ વિતરણ કંપનીઓ પર ભારે દેવું ચડ્યું છે. આવા સમયમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી ટેકનોલોજી, વ્યવસ્થાપન અને રોકાણમાં સુધારો થઈ શકે તેવી સરકારની દલીલ છે.આ મુદ્દે સવાલ એ નથી કે સુધારા જરૂરી છે કે નહીં. સવાલ એ છે કે સુધારા કઈ રીતે અને કઈ હદ સુધી કરવાના. જો સુધારા લોકોના હિતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે, તો તે સ્વાગત યોગ્ય બની શકે છે. પરંતુ જો સુધારાની આડમાં જાહેર ક્ષેત્રને નબળું કરીને ખાનગીકરણનો માર્ગ ખુલ્લો કરવામાં આવે, તો તે અંગે ગંભીર ચર્ચા જરૂરી બની જાય છે.વીજ ક્ષેત્રમાં સુધારા અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે.

# બગસરાના મહિલા પી.આઈ.નું સન્માન કરી નારી શક્તિને બિરદાવવામાં આવી

**સુરતના ઉદ્યોગપતિ ઘનશ્યામ બિરલા દ્વારા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરાયુ**

અમરેલી,તા.૧૦

બગસરાના વતની અને સુરતના અગ્રણી ઉદ્યોગપતિ ઘનશ્યામભાઈ બિરલા હાલમાં ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં પૂજ્ય મોરારી બાપુ દ્વારા યોજિત 'માનસ મેઘાણી' રામકથાનું રસપાન કરવા બગસરા પધાર્યા હતા. આ પાવન અવસરે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે તેમણે બગસરા પોલીસ સ્ટેશનના મહિલા પી.આઈ. ઈન્દુબેન ગીડાનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ભાવભર્યું સન્માન કર્યું હતું.



આ પ્રસંગે ઘનશ્યામભાઈએ જણાવ્યું હતું કે ઈન્દુબેન ગીડા જેવી મહિલાઓ પોતાના ઘર અને પરિવારની જવાબદારીઓ સંભાળવાની સાથે પોલીસ ખાતા જેવી પડકારજનક ફરજ ખૂબ જ નિષ્ઠાપૂર્વક બજાવી રહી છે, જે સમગ્ર સમાજ માટે ગૌરવની વાત છે. આ પ્રકારનું સન્માન અન્ય મહિલાઓ માટે પણ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે અને નારી શક્તિનો સાચો પરિચય આપે છે .

# મિલકત સંબંધી ગુના આચરતા વડિયાના શખ્સને 'પાસા' હેઠળ જેલમાં ધકેલાયો

અમરેલી તા.૧૦



અમરેલી જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ આચરતા તત્વો સામે કડક વલણ અપનાવતા પોલીસે વડિયાના એક રીઢા ગુનેગારને પાસા હેઠળ જેલ હવાલે કર્યો છે. વડિયા તાલુકાના સનાળી ગામના ૨૦ વર્ષીય રામકુ કાળુભાઈ વાઘેલા વિરુદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ચાવડા અને તેમની ટીમે વોરંટની બજવણી કરી આરોપીની અટકાયત કરી છે અને તેને પાલનપુર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રામકુ વાઘેલા વિરુદ્ધ વડિયા, સાવરકુંડલા, જામજોધપુર અને ગોંડલમાં ચોરી તથા લૂંટ જેવા અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

# અમરેલી જિલ્લાની પાંચ નગરપાલિકાની મુદત પૂર્ણ થશે, વહીવટદારો નિમાયા

અમરેલી, તા.૧૦

રાજ્યમાં ૭૧ નગરપાલિકાઓમાં માર્ચ ૨૦૨૬ સુધીમાં ટર્મ પૂર્ણ થનાર છે. જેથી નગરપાલિકાઓની કામગીરી સુચારુ રૂપે ચાલે તે માટે વહીવટદારોની નિમણૂક કરવામાં આવી છે. આ વહીવટદારો આવશ્યક સેવાઓ અને અગાઉ મંજૂર કરવામાં આવેલા હોય તેવા કામોના વર્ક ઓર્ડર આપી શકશે.

અમરેલી જિલ્લામાં પણ અમરેલી, સાવરકુંડલા, બગસરા, બાબરા અને દામનગર નગરપાલિકાની ૧૫ માર્ચના રોજ મુદત પુરી થશે.

જેમાં અમરેલી અને સાવરકુંડલા નગરપાલિકાના વહીવટદાર તરીકે પ્રાંત અધિકારીઓની નિમણૂક કરાઈ છે જ્યારે બગસરા,બાબરા અને દામનગર નગરપાલિકા માટે મામલતદારોને વહીવટદાર તરીકેની સત્તાઓ સોંપવામાં આવી છે.

# બાબરાના સુખપર ગામે પતિએ ઠપકો આપતા પત્નીએ ઝેરી દવા પીધી

**ત્રણ વર્ષનો પુત્ર મોબાઈલ જોવા માટે જીદ કરતા પિતાએ ના પાડતા બની ઘટના**

બાબરા, તા.૧૦

બાબરા તાલુકાના સુખપર ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સંતાનને માર મારવા બાબતે પતિએ ઠપકો આપતા, પત્નીને મનમાં લાગી આવતા તેણે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. જાહેર કરનાર આશાબેન સાગરભાઈ મકવાણા (ઉ.વ.૨૮)નો ૩ વર્ષનો પુત્ર તેના પિતા પાસે મોબાઈલ ફોન જોવા માટે જીદ કરતો હતો. પિતાએ ફોન આપવાની ના પાડતા બાળક જોરજોરથી રડવા લાગ્યો અને તોફાન કરવા માંડ્યો હતો. બાળકના તોફાનથી કંટાળીને માતાએ તેને ગાલ પર લાફો મારી દીધો હતો. આ જોઈને તેના પતિ પત્ની પર ગુસ્સે થઈને બાળકને માર ન મરાય તેમ કહી ઠપકો આપ્યો હતો. પતિના આ ઠપકાથી મહિલાને મનમાં અતિશય લાગી આવ્યું હતું. પરિણામે, સાંજના સાતેક વાગ્યે ઘરની પાછળ આવેલી પાણીની કુંડી પાસે પડેલી 'મોનોકોટો' નામની ઝેરી દવાની બોટલમાંથી બે ઘૂંટડા પી લીધા હતા.આમ નાની વાતમાં પરિણતાએ દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં "નારી શક્તિ મહોત્સવ-૨૦૨૬"નું ભવ્ય આયોજન

અમરેલી,તા.૧૦

અમરેલીના લાઠી રોડ પર આવેલા દીકરાના ઘર ખાતે તાજેતરમાં "નારી શક્તિ મહોત્સવ-૨૦૨૬"ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. "સશક્ત નારી, સશક્ત રાષ્ટ્ર"ની થીમ પર આધારિત આ કાર્યક્રમમાં મહિલાઓને આરોગ્ય, યોગ અને મેદસ્વિતા મુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરણા




આપવામાં આવી હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, પતંજલિ મહિલા સમિતિ અને અન્ય સ્થાનિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા રમત-ગમત વિકાસ અધિકારી પૂનમબેન ફુમકિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.મહેમાનોએ મહિલાઓને આત્મનિર્ભરતા અને પ્રાકૃતિક જીવનશૈલી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મહોત્સવ દરમિયાન ૧૩ જેટલી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સહભાગીઓને મોમેન્ટો અને પુસ્તકો આપી સન્માનિત કરાયા હતા.

# હિંડોરણા ગામેથી પરિણીતા પુત્રી સાથે લાપતા બની

રાજુલા, તા.૧૦

રાજુલા પંથકમાં ગુમ થયાની વધુ બે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. હિંડોરણા ગામેથી પરિણીતા પુત્રી સાથે લાપતા બની હતી. જ્યારે વિકટર નેસડા વિસ્તારનો પુરુષ ઘરેથી ચાલી નીકળ્યો હતો. આ અંગે વિકટર નેસડા વિસ્તારમાં રહેતા આરેફાબેન હાજીભાઈ ગાહા (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેના પતિ હાજીભાઈ કાળુભાઈ ગાહા (ઉ.વ.૪૫) ૦૬/૦૩/૨૦૨૬ના રોજ ઘરેથી કહ્યા વગર જતા રહ્યા બહતા. બીજા બનાવમાં હિંડોરણા ગામે રહેતા ધીરુભાઈ ખોડાભાઈ ટાણેચા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા પ્રમાણે, તેમના પત્ની મનીષાબેન ધીરૂભાઈ ટાણેચા તેમની પુત્રી સાથે ૦૬/૦૩/૨૦૨૬ના રોજ ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક જતી રહી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૬૧૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૯૭૫ | ૧૧૨૦ |
| બાજરી | ૨૦૦ | ૩૨૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૦૬૦ | ૧૬૧૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૬૧ |
| મગ | ૧૦૦૦ | ૧૭૯૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૦૭૧ |
| ચોળી | ૯૪૦ | ૯૯૦ |
| વટાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| કળથી | ૩૫૦ | ૭૩૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૭૧૦ |
| સીંગદાણા | ૧૪૪૦ | ૧૯૯૪ |
| મગફળી જાડી | ૧૦૯૦ | ૧૫૫૨ |
| મગફળી જીણી | ૧૦૮૦ | ૧૫૦૭ |
| તલી | ૧૭૫૦ | ૨૧૩૪ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૬૮ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૭૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૬૬૮ |
| કાળા તલ | ૨૦૦૦ | ૪૪૦૦ |
| લસણ | ૯૭૫ | ૧૬૩૦ |
| ધાણા | ૧૭૭૫ | ૨૦૦૦ |
| મરચા સુકા | ૨૫૦૦ | ૭૩૦૦ |
| ધાણી | ૧૯૫૦ | ૨૩૦૧ |
| વરીયાળી | ૭૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૨૫ |
| રાય | ૧૦૮૦ | ૧૩૫૦ |
| મેથી | ૮૬૦ | ૧૫૯૦ |
| કલોંજી | ૩૬૦૦ | ૩૯૫૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૮૮ | ૨૫૭૧ |
| સાકરટેટી | ૨૦૯ | ૪૧૧ |
| તરબુચ | ૪૧૬ | ૬૨૪ |
| પપૈયા | ૮૧ | ૧૮૩ |
| બટેટા | ૯૭ | ૨૫૪ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૬૫ |
| ટમેટા | ૧૮૨ | ૩૭૯ |
| સુરણ | ૯૫૭ | ૧૧૬૮ |
| કોથમરી | ૨૦૭ | ૩૦૯ |
| સકરીયા | ૩૦૮ | ૩૯૭ |
| મુળા | ૩૪૭ | ૪૨૨ |
| રીંગણા | ૧૫૯ | ૩૩૬ |
| કોબીજ | ૫૭ | ૯૬ |
| ફ્લાવર | ૧૮૨ | ૩૧૪ |
| ભીંડો | ૭૨૩ | ૯૫૮ |
| ગુવાર | ૯૯૬ | ૧૩૩૮ |
| ચોળાસીંગ | ૮૧૮ | ૧૨૩૧ |
| વાલોળ | ૩૧૭ | ૫૮૮ |
| ટીંડોળા | ૩૮૬ | ૮૦૮ |
| દુધી | ૮૪ | ૧૫૨ |
| કારેલા | ૬૨૩ | ૮૦૨ |
| સરગવો | ૪૧૪ | ૮૫૩ |
| તુરીયા | ૫૧૩ | ૬૬૮ |
| પરવર | ૧૭૭૯ | ૧૯૮૮ |
| કાકડી | ૩૧૮ | ૫૨૨ |
| ગાજર | ૧૭૯ | ૨૯૭ |
| વટાણા | ૪૭૮ | ૬૨૬ |
| ગલકા | ૨૫૧ | ૩૨૯ |
| બીટ | ૬૩ | ૧૪૨ |
| મેથી | ૧૭૬ | ૨૫૭ |
| વાલ | ૭૦૭ | ૯૮૬ |
| ડુંગળી લીલી | ૨૦૭ | ૩૧૯ |
| આદુ | ૧૦૭૯ | ૧૨૨૪ |
| મરચા લીલા | ૬૦૬ | ૮૧૨ |
| લસણ લીલું | ૬૮૬ | ૧૧૮૯ |
| મકાઇ લીલી | ૧૩૧ | ૩૦૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૮૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૩૬ | ૬૬૬ |
| મગફળી જીણી | ૧૨૩૬ | ૧૫૬૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૮૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૦ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૧૧ |
| કલંજી | ૨૦૦૦ | ૩૯૫૧ |
| ધાણા | ૧૧૦૧ | ૨૨૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૯૧૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૩૭૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૮૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૫૧ |
| મઠ | ૯૭૬ | ૯૭૬ |
| તુવેર | ૧૦૨૧ | ૧૫૯૧ |
| રાયડો | ૯૫૧ | ૧૧૧૧ |
| રાય | ૮૭૬ | ૧૩૭૧ |
| મેથી | ૯૧૧ | ૧૫૦૧ |
| સુવાદાણા | ૧૩૨૬ | ૧૩૨૬ |
| કાંગ | ૪૫૦ | ૫૬૧ |
| મરચા | ૧૫૦૧ | ૭૮૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૫૧ |
| સફેદ ચણા | ૧૦૨૬ | ૧૭૧૧ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૧૬૧ |
| ધાણી | ૧૨૦૧ | ૨૭૨૬ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૨૭૧ |
| જુવાર | ૭૭૧ | ૧૦૦૧ |
| મકાઇ | ૩૭૧ | ૩૭૧ |
| મગ | ૮૭૬ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૧ |
| વાલ | ૪૫૧ | ૧૦૨૬ |
| ચોળા / ચોળી | ૩૦૧ | ૫૭૧ |
| સોયાબીન | ૯૪૧ | ૧૦૬૬ |
| અરીઠા | ૩૫૧ | ૩૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૪૫૧ | ૮૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૩૮૦ | ૧૬૦૦ |
| કોબી | ૩૦ | ૧૬૦ |
| દુધી | ૩૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૨૦૦ |
| કાકડી | ૬૦ | ૮૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૦૦ |
| તુવેર | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૧૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૩૪૦ | ૪૫૦ |
| ઘીસોડા | ૮૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૮ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૪૦ |
| ચોરા | ૧૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૮૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૪૦ |
| લસણ પુરા | ૪ | ૬ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૪૦ | ૧૪૭૫ |
| ગીરનાર શિંગ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| શિંગ મોટી | ૯૫૦ | ૧૫૩૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શિંગદાણાફાડા | ૧૨૪૦ | ૧૬૫૦ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૧૯૫૦ |
| કાળા તલ | ૧૦૪૦ | ૪૩૯૦ |
| બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૦ |
| અડદ | ૬૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૮૯૫ | ૧૦૩૫ |
| ચણા દેશી | ૯૭૦ | ૧૦૯૫ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૦૬૫ |
| છોલે ચણા | ૧૧૦૦ | ૧૫૧૦ |
| તુવેર | ૭૧૦ | ૧૫૪૦ |
| કપાસ | ૯૫૦ | ૧૬૩૫ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૬૦ |
| જીરુ | ૨૨૭૫ | ૪૦૭૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૦૪૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૩૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૨૫૫ |
| ધાણી | ૧૬૦૦ | ૨૯૪૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૫૫ |
| મરચાં લાંબા | ૧૧૫૦ | ૬૩૫૦ |
| મરચા ધોલર | ૨૧૦૦ | ૭૩૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૧૦ | ૨૨૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૪૮૦ |
| ટમેટાં | ૨૦૦ | ૨૬૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૧૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| મૂળા | ૨૦૦ | ૨૭૦ |
| કાકડી | ૨૦૦ | ૨૩૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૧૦ |
| વટાણા | ૫૦૦ | ૫૫૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૪૫૦ |
| વાલ | ૬૩૦ | ૭૩૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૩૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૫૩૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૨૦૦ | ૩૮૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૫૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૩૨૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૭૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૨૦૧૧ |
| તલ કાળા | ૩૪૦૦ | ૪૦૧૧ |
| જીરૂ | ૩૬૨૦ | ૪૧૨૬ |
| કપાસ | ૧૨૭૫ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| બાજરો | ૫૫૦ | ૬૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૧ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૦૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૩૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૪૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૮૦ | ૧૫૯૦ |
| કપાસ મીડી. | ૧૧૮૦ | ૧૩૮૫ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૬૫ |
| જીરૂ | ૩૨૫૦ | ૪૧૩૦ |
| ચણા | ૧૦૦૭ | ૧૦૩૩ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૦ |
| ધાણા | ૧૪૧૦ | ૨૩૦૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૩૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૩૬ |
| ઘઉં ટુકડા | ૩૭૧ | ૪૪૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ધાણા | ૧૫૫૦ | ૧૮૪૦ |
| જુવાર | ૧૦૯૦ | ૧૦૯૦ |
| મકાઈ | ૫૬૦ | ૫૬૦ |
| શીંગ દાણા | ૧૨૨૦ | ૧૪૨૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૫ |
| રાયડો | ૯૯૫ | ૯૯૫ |
| તલ સફેદ | ૧૮૬૦ | ૧૮૬૦ |
| મગફળી | ૧૦૨૫ | ૧૦૫૦ |
| લસણ | ૭૪૦ | ૭૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૬૫ |
| મેથી | ૭૮૫ | ૭૮૫ |
| અડદ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| એરંડી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ધાણી | ૧૬૬૫ | ૧૮૨૦ |
| કાળા તલ | ૧૮૦૦ | ૨૮૨૫ |
| **ધારી** | | |
| ઘઉં | ૩૫૦ | ૪૫૦ |
| ચણા | ૯૨૦ | ૧૦૩૫ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૯૦ |
| ધાણા | ૧૭૦૦ | ૧૯૫૧ |
| દાણા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૭૫ | ૯૬૮ |
| બાજરી | ૩૨૧ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૦૦ |
| મેથી | ૧૧૫૨ | ૧૩૪૨ |
| રાય | ૪૫૦ | ૧૩૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૭૪૦ | ૧૦૪૬ |
| તલ સફેદ | ૧૭૯૫ | ૧૭૯૫ |
| તલ કાળા | ૧૪૦૨ | ૨૦૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૧૬ |
| જીરૂ | ૩૯૧૦ | ૪૧૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૪૨ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૦૦ |
| નાળીયેર | ૪૩૫ | ૨૪૫૨ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૫૪૦ |
| ચણા | ૯૭૫ | ૧૦૨૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૯૦ |
| **રાજુલા** | | |
| શિંગ | ૧૦૦૦ | ૧૩૦૧ |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૮૫ |
| બાજરો | ૩૨૫ | ૪૦૪ |
| ઘઉં ટુકડા | ૩૩૦ | ૫૨૫ |
| જુવાર | ૪૪૦ | ૧૧૧૧૧ |
| મગ | ૧૭૦૧ | ૨૦૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૨ |
| ચણા | ૯૧૮ | ૧૦૬૧ |
| મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| રાય | ૯૮૦ | ૧૦૬૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૪૨૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૩૬ | ૬૨૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૧ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૭૨ |
| રાય | ૧૦૧૦ | ૧૨૨૨ |
| રાયડો | ૯૭૦ | ૧૦૯૪ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૧૨ |
| જુવાર | ૮૦૦ | ૧૦૬૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ચણા | ૯૭૦ | ૧૦૩૨ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૪૩ |
| કાંગ | ૪૨૫ | ૪૯૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૬ |
| ચણા | ૯૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૯૧ |
| મગફળી | ૮૩૧ | ૧૪૯૧ |
| શિંગ ફાડા | ૧૨૦૦ | ૧૩૩૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૬૮૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૮૪૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૫૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૭૧ |



લાગે તો તીર :-ગામમાં વિચિત્ર પ્રકારની ગાડી જોઈને લગભગ આખું ગામ ભેગું થયું

06

# ભારત ફરી ચેમ્પિયન, હવે રીયલ સુપર પાવર




ભારત ફરી વર્લ્ડ ચેમ્પિયન બની ગયું. અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી ટી ૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને ભારતે વધુ એક આઈસીસી ટ્રોફી પોતાના નામે કરી લીધી. ભારતે ત્રીજી વાર ટી ૨૦ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ પણ રચ્યો કેમ કે ત્રણ વાર ટી ૨૦ વર્લ્ડ કપ જીતનારી ભારત એક માત્ર ટીમ છે.

ભારતે મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમા રમાયેલો ૨૦૦૭નો પહેલો ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી છેક ૧૭ વર્ષે ૨૦૨૪માં બીજી વાર ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. હવે ૨૦૨૬માં ત્રીજી વાર ટી ૨૦ વર્લ્ડ કપ જીતીને ટીમ ઈન્ડિયા વેસ્ટ ઈન્ડિઝને ટપી ગયું છે. વેસ્ટ ઈન્ડિઝ બે વાર ટી ૨૦ વર્લ્ડ કપ જીતીને ભારતની હરોળમાં હતું પણ સૂર્યકુમાર યાદવની ટીમે ભારતને ટી ૨૦ વર્લ્ડ કપ જીતાડીને વેસ્ટ ઈન્ડિઝને પાછળ છોડી દીધું.

સૂર્યકુમાર યાદવની ટીમે ફાઈનલમાં જબરદસ્ત પ્રભુત્વ સાથે રમીને ૨૫૫ રનનો સ્કોર ખડક્યો ને પછી ન્યુઝીલેન્ડને ૧૫૯ રનમા સંકેલી લઈને ૯૬ રને જીત મેળવી. ટી ૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતે સૌથી મોટા અંતરથી જીતનો રેકોર્ડ બનાવ્યો. ફાઈનલમાં સંજુ સેમસન, અભિષેક શર્મા, ઈશાન કિશન અને શિવમ દૂબે બેટિંગમાં તો જસપ્રિત બૂમરાહ, અક્ષર પટેલ ભારતના હીરો સાબિત થયા. ભારતની ટીમે ફિલ્ડિંગ પણ જોરદાર કરીને કેટલાક અદભૂત કેચ પણ પકડ્યા.

આ જીત સાથે ભારતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અપશુકનિયાળ હોવાની માન્યતાને પણ ખોટી સાબિત કરી. ૨૦૨૩માં વન ડે મેચોના વર્લ્ડકપની ફાઈનલમાં રોહિત શર્માની ભારતીય ટીમ ધોળકું કાઢીને માત્ર ૨૩૦ રનનો સ્કોર ખડકેલો. પેટ કમિન્સની ઓસ્ટ્રેલિયમ ટીમે રમતાં રમતાં આ સ્કોર ચેઝ કરીને ભારતને હાર આપેલી. એ પછી પણ ભારત અમદાવાદમાં હાર્યું છે. આ વર્લ્ડ કપમાં પણ ભારત એક માત્ર મેચ દક્ષિણ આફ્રિકા સામે હારેલું ને આ મેચ અમદાવાદમાં રમાયેલી તેથી ક્રિકેટ ચાહકો ચિંતામાં હતા પણ સૂર્યકુમાર યાદવની ટીમે સંપૂર્ણ પ્રભુત્વ સાથે રમીને તમામ આશંકાઓને દૂર કરી દીધી, મોદી સ્ટેડિયમ અપશુકનિયાળ હોવાની માન્યતાને ખોટી સાબિત કરી દીધી.

ભારતે આ જીત સાથે બીજા બે રેકોર્ડ પણ બનાવ્યા.

અત્યાર સુધી કોઈ ટીમ ઘરઆંગણે ટી ૨૦ વર્લ્ડ કપ નહોતી જીતી. મતલબ કે, યજમાન ટીમ કદી ટી ૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયન નહોતી બની. ભારતે આ મહેણું ભાંગ્યું છે. આ ઉપરાંત બીજી કોઈ ટીમ સળંગ બે વાર ટી ૨૦ વર્લ્ડ કપ જીતી નહોતી. ભારતે એ મહેણું પણ ભાંગી દીધું.

ભારતે આ જીત સાથે છેલ્લી ત્રણેય આઈસીસી ટ્રોફી જીતીને પણ અનોખો રેકોર્ડ બનાવ્યો છે. ભારત ૨૦૨૪માં ટી ૨૦ વર્લ્ડ કપ, ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી અને હવે ૨૦૨૬માં ટી ૨૦ વર્લ્ડ કપ એમ સળંગ ત્રણ આઈસીસી ટ્રોફી જીતનારી માત્ર બીજી ટીમ છે. આ પહેલાં ઓસ્ટ્રેલિયા ૨૦૦૩ અને ૨૦૦૭ના એમ બે સળંગ વન ડે ઈન્ટરનેશનલ વર્લ્ડ કપ અને ૨૦૦૬માં ચેમ્પિયન્સ ટ્રોફી એમ સળંગ ત્રણ આઈસીસી ટ્રોફી જીત્યું હતું. બીજો કોઈ દેશ આ પરાક્રમ કરી શક્યો નથી. બલ્કે ભારત, ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝ સિવાય બીજી કોઈ ટીમ ત્રણથી વધારે આઈસીસી ટ્રોફી જ જીતી નથી.

આ ટી ૨૦ વર્લ્ડ કપ જીત સાથે સૂર્યકુમાર યાદવે ભારતને વર્લ્ડ ચેમ્પિયન બનાવનારા કેપ્ટન્સની યાદીમાં પોતાનું નામ ઉમેરાવી દીધું. કપિલદેવ, મહેન્દ્રસિંહ ધોની, સૌરવ ગાંગુલી અને રોહિત શર્મા પછી સૂર્યકુમાર યાદવ ભારતને આઈસીસી ટ્રોફી જીતાડનારો પાંચમો ભારતીય કેપ્ટન બન્યો છે.

કપિલદેવે ભારતને ૧૯૮૩નો વર્લ્ડ કપ જીતાડ્યો હતો જ્યારે મહેન્દ્રસિંહ ધોનીએ ૨૦૦૭નો ટી ૨૦ વર્લ્ડ કપ , ૨૦૧૧નો વન ડે ઈન્ટરનેશનલ વર્લ્ડકપ અને ૨૦૧૩ની ચેમ્પિયન્સ ટ્રોફી ભારતને જીતાડી હતી. રોહિત શર્માના નેતૃત્વમાં ભારત ૨૦૨૪માં ટી ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યું હતું. ૨૦૦૨માં ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યાં ત્યારે સૌરવ ગાંગુલી ટીમ ઈન્ડિયાના કેપ્ટન હતા.

ભારત ઓસ્ટ્રેલિયાથી ૨ કદમ પાછળ છે.

ભારતે કુલ ૮ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC )ટ્રોફી જીતી છે જ્યારે ઓસ્ટ્રેલિયા ૧૦ ટ્રોફી જીતીને સૌથી આગળ છે. ICC ઈતિહાસમાં સૌથી સફળ ટીમ એવી ઓસ્ટ્રેલિયાની ટીમે છ વન ડે ઈન્ટરનેશનલ વર્લ્ડ કપ, બે ચેમ્પિયન્સ ટ્રોફી, એક ટી ૨૦ વર્લ્ડ કપ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી છે. ઓસ્ટ્રેલિયા એ રીતે પણ આગળ છે કે તમામ ICC ટાઈટલ જીતનારી એકમાત્ર ટીમ છે. ઓસ્ટ્રેલિયાએ ૧૯૮૭, ૧૯૯૯, ૨૦૦૩, ૨૦૦૭, ૨૦૧૫, ૨૦૨૩ એમ છ વાર વન ડે વર્લ્ડ કપ જીત્યા છે. ૨૦૨૧માં ટી ૨૦ વર્લ્ડ કપ, ૨૦૦૬ અને ૨૦૦૯માં ચેમ્પિયન્સ ટ્રોફી અને ૨૦૨૧-૨૩ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે.



**બ્રેકિંગ પોઈન્ટ**

નેહા શર્મા

ભારતે વન ડે ઈન્ટરનેશન વર્લ્ડ કપ, ટી ૨૦ વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે પણ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી નથી. ભારતે અત્યાર સુધીમાં બે વન ડે ઈન્ટરનેશન (ODI) વર્લ્ડ કપ (૧૯૮૩, ૨૦૧૧), બે ટી ૨૦ વર્લ્ડ કપ (૨૦૦૭, ૨૦૨૪), અને ત્રણ વાર ચેમ્પિયન્સ ટ્રોફી (૨૦૦૨ સંયુક્ત, ૨૦૧૩, ૨૦૨૫) જીતી છે.

ભારતે ૧૯૮૫માં મિનિ વર્લ્ડ કપ પણ જીત્યો હતો એ જોતાં ભારતની આ નવમી વૈશ્વિક ટ્રોફી છે. ભારત મિનિ વર્લ્ડકપ એવો બેન્સન એન્ડ હેજીસ કપ જીત્યો ત્યારે સુનિલ ગાવસકર કેપ્ટન હતા. આ સ્પર્ધાની ફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવેલું. ભારત સંપૂર્ણ પ્રભુત્વ સાથે રમેલું અને એક પણ મેચ હાર્યું નહોતું તેથી આ જીત પણ યાદગાર હતી પણ ૧૯૮૫માં ઓસ્ટ્રેલિયામાં રમાયેલી બેન્સન એન્ડ હેજીસ ટુર્નામેન્ટનું આયોજન આઈસીસીએ નહોતું કર્યું પણ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે કર્યું હતું. આ કારણે આ જીતને આઈસીસીની સ્પર્ધાઓમાં સ્થાન નથી મળ્યું.

ભારત હવે વિશ્વ ક્રિકેટમાં અજેય છે ?

એક જમાનામાં વિશ્વ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાનો ડંકો વાગતો હતો. સ્ટીવ વો અને રીકી પોન્ટિંગના જમાનામાં ઓસ્ટ્રેલિયાને હરાવવાની કલ્પના પણ નહોતી થઈ શકતી. ઓસ્ટ્રેલિયા મેદાનમાં ઉતરે એટલે જીતીને જ પાછી ફરે એવો તેનો રેકોર્ડ હતો. ૧૯૯૯થી ૨૦૦૭ દરમિયાન મોટા ભાગની આઈસીસી સ્પર્ધાઓ ઓસ્ટ્રેલિયા જીત્યું હતું પણ પછી ઓસ્ટ્રેલિયાનાં વળતાં પાણી શરૂ થયાં. ઓસ્ટ્રેલિયા હજુય મજબૂત ટીમ છે પણ પહેલાં જેવી તેની ધાક પણ નથી ને તેનો રેકોર્ડ પણ નથી.

હવે ભારતનો રેકોર્ડ એ પ્રકારનો થતો જાય છે.

ભારત છેલ્લાં ત્રણ વર્ષમાં ૩ આઈસીસી ટ્રોફી જીત્યું છે ને તેના કરતાં મહત્વની વાત એ છે કે, હવે આપણું ઘોડું દશેરાએ દોડે પણ છે. ભારત ૨૦૧૩માં ચેમ્પિયન ટ્રોફી જીત્યા પછી આઈસીસીની કોઈ મોટી ટુર્નામેન્ટ જીતી શકતું નહોતું તેથી ભારતના ક્રિકેટ પાવર વિશે શંકા થવા માંડી હતી. મહેન્દ્રસિંહ ધોનીની આગેવાનીમાં ૨૦૧૧માં વર્લ્ડકપ જીત્યો પછી ૨૦૧૫, ૨૦૧૯ ને ૨૦૨૩માં વનડે મેચોનો વર્લ્ડકપ રમાયો પણ આપણે ભૂંડી રીતે હારેલા. ૨૦૦૭માં વર્લ્ડકપ જીત્યા પછી ૨૦૨૪ લગી ટી-૨૦ વર્લ્ડ કપ પણ નહોતા જીત્યા. આઈસીસીની મોટી સ્પર્ધાઓમાં ભારત છેક લગી પહોંચીને પાણીમાં બેસી જાય એવું છેલ્લાં ૧૧ વર્ષનાં વારંવાર બનતું. ૨૦૧૪ના ટી ૨૦ વર્લ્ડકપમાં શ્રીલંકા સામે ફાઈનલમાં આપણે માત્ર ૧૩૦ રન કરીને હારી ગયા હતા. ૨૦૧૫ના વર્લ્ડકપમાં સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભૂંડી રીતે હારી ગયેલા.

૨૦૧૬ના ભારતમાં રમાયેલા ટી-૨૦ વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડિઝે આપણને શરમજનક રીતે હરાવેલા. સેમી ફાઈનલમાં આપણે વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૪ રનનો સ્કોર ખડક્યા છતાં હાર ખમવી પડેલી. ૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં આપણા કટ્ટર હરીફ પાકિસ્તાન સામે હારીને સાવ નાક વઢાવી નાંખેલું. રોહિત શર્મા, વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની સહિતના આપણા કહેવાતા સુપરસ્ટાર્સ સાવ વાહિયાત શોટ્સ મારીને આઉટ થયા તેમાં આપણા નામે શરમજનક હાર લખાઈ ગઈ હતી.

૨૦૧૯ના વર્લ્ડકપની સેમી ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ૨૩૧ રન જેવો મામૂલી સ્કોર આપણે ચેઝ નહોતા કરી શક્યા. કોહલી સહિતના ટોપ ઓર્ડરે ધોળકું કાઢતાં આપણે શરમજનક રીતે હારેલા. ૨૦૧૯માં ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે બેજવાબદારીભરી બેટિંગ કરીને કોહલીની ટીમ હારી ગયેલી. એ ૨૦૨૩નાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ચેમ્પિયનશીપમાં આ ઈતિહાસ દોહરાવાયેલો.

૨૦૨૧ના વર્લ્ડકપમાં લીગ મેચમાં પાકિસ્તાન સામે હારીને ભારત ઘરભેગું થયેલું અને વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે નહીં હારવાનો રેકોર્ડ તૂટી ગયેલો. ૨૦૨૨ના વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડે ભારતને ટી ૨૦ વર્લ્ડ કપના ઈતિહાસનો સૌથી શરમજનક પરાજય આપીને ૧૦ વિકેટે હરાવેલું. ભારતે ૧૬૮ રન બનાવ્યા હતા પણ આ સ્કોરને ઈંગ્લેન્ડે ૧૬ ઓવરમાં જ પાર પાડી દીધો હતો. ૨૦૨૩માં વન ડે મેચોના વર્લ્ડકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારત ખરાબ રીતે હારી ગયેલું.

છેલ્લી ત્રણ ટુર્નામેન્ટથી આ સિલસિલો તૂટ્યો છે. હવે ભારત જીતના નિર્ધાર સાથે જ ઉતરતું હોય એવું લાગે છે. તેના કારણે ભારત સળંગ જીતે છે ત્યારે આ વર્ચસ્વ વરસો સુધી જળવાય અને ભારત નવા નવા વર્લ્ડ રેકોર્ડ બનાવે એવી આશા છે. ■

sanjogpurti@gmail.com

# આપણી એ પહેલી પહેલી મુલાકાતો



મને યાદ આવે છે આપણી એ પહેલી પહેલી મુલાકાતો. આપણા વાડામાં જ્યારે અગાસીના સ્લેબનું કામ શરૂ કરવાનું હતું ત્યારે આપણી બંને રૂમનો સામાન આખાએ વાડામાં જ્યાં ત્યાં આડેધડ ગોઠવી દેવામાં આવ્યો હતો. રસોડું પણ પેલી જમરૂખડી અને દાડમડીના ઝાડની પૂર્વ દિશામાં અને આંબા તેમજ સરગવાની પશ્ચિમ દિશામાં એટલે કે આ બધાની વચ્ચે ગોઠવી દીધું હતું. કુતરા મને ગમતા નહીં. વાડાની ફરતે કુતરાથી બચવા માટેની લોખંડની જાળી તો મારો પગ કપાયો એ પહેલાની ફીટ થઈ ગઈ હતી. આ જાળીનો દક્ષિણ દિશાનો ભાગ મારા રસોડાથી લગભગ ૧૦થી ૧૫ ફૂટ દૂર હતો. આ જગ્યાએ છ ઈંટો ગોઠવીને તૈયાર કરેલો એક ચૂલો હતો અને આ ચુલાની ચોતરફ રસોડાનો બધો સામાન આડેધડ ગોઠવાયેલો હતો અને હું રસોઈ બનાવી રહ્યો હતો. એ વખતે જાળીના નાનકડા બાખામાંથી એક ગલુડિયું ક્યારે અંદર આવી ગયું એ મને ખબર પણ ના રહી.

મેં એ ગલુડિયાને મારી બાજુમાં રહેલા લાકડાના બળતણનો છૂટો ઘા કર્યો. ગલુડિયાને વાગ્યું તો નહીં પણ છતાં તે 'કાઉં કાઉં' કરતું કરતું જાળીની બહાર નીકળી ગયું! ફરીવાર મેં થોડી વાર પછી રસોઈ કરતાં કરતાં પાછળ જોયું તો એ ગલુડિયું મારી પાછળ જ ઉભું હતું. મેં ફરી એકવાર બાજુમાં પડેલો પથ્થરો હાથમાં ઉઠાવીને છૂટો ઘા કર્યો. આ ગલુડિયાને એ વાગી ગયો અને ફરીથી કાઉં કાઉં કરતું કરતું ભાગી ગયું.

બીજે દિવસે વળી એ જ ક્રમ. મારે રસોઈ બનાવવાનો વખત થાય. હું આપણા ઓપન રસોડામાં પ્રવેશ કરું છું. જમીન પર પ્લાસ્ટિકની થેલી પાથરીને રસોઈ કરવામાં પ્રવૃત્ત થાઉં છું અને થોડીવારમાં પાછળ જોઉં છું અને ફરીથી એ જ ગલૂડિયું પ્રગટ થાય છે. ફરીથી મને એ જ ગુસ્સો આવે છે અને હું તેને લાકડાનો દંડિકો ફટકારું છું. ફરીથી કાઉં કાઉં કરતું ચાલયુ જાય છે. થોડીવારમાં ફરી આવે અને ફરી હું એને લાકડું કે પાણકો મારું એટલે તે ફરી ચાલ્યું જાય. આવું તો કેટકેટલા દિવસ ચાલ્યું !

મને ધીરે ધીરે સમજાયું કે આ ગલુડિયાને ભોજનની વાસ આવી જાય છે. એને કંઈક ખાવું છે એટલે એ ધરાર અંદર આવી જાય છે. એમ તો હું દયાળુ. પણ કુતરાઓને અંદર આવવાની ટેવ પાડવા હું માંગતો ન હતો. મોટા કુતરાઓ લોખંડની જાળી પાર કરીને અંદર આવી શકતા ન હતા પણ આ નાનું ગલુડિયું તો જાળીના નાના-નાના બાખાંઓની સોંપટ નીકળીને આવી જતું હતું. એટલે એ ગલુડિયાને બહાર જ રહેવાની ટેવ પાડવા માટે એની લાગણીને વશ થઈને મેં એને ભાખરીના બે ટુકડા તો આપ્યા પણ પહેલા એને બહાર કાઢ્યું અને પછી જાળીની બહાર ફેંકીને એને ખાવા આપ્યા. બહુ જ ત્વરાથી એ ગલુડિયું આ ભાખરી ખાવા લાગ્યું. ખાવાની ઝડપ અને પૂંછડી પટાવવાની રીત મને ખૂબ ગમી ગઈ. પણ તોય મેં નક્કી કર્યું કે આ ગલુડિયાને અંદર આવવાની ટેવ તો નથી પડવા દેવી.

**ધીસ ઇઝ ઘેટ**

નારન બારૈયા

પછી તો એ ક્રમ ચાલ્યો કે જાળી વિંધીને મારા વાડામાં આવે એટલે ગલુડિયાને મારવાનું પણ પછી એ બહાર રહે ત્યારે એને ભાખરી કે ખીચડી જે કંઈ વધે તે આપવાનું. મારો એ માર ખાનાર અને મારા હાથની બનાવેલી એ રોટલી, ભાખરી કે ખીચડી ખાનાર કોણ હતું ખબર છે? એ તું હતો, બુબૂ, એ તું હતો...!

naranbaraiya277@gmail.com

# ખોડલધામના સંગઠના અધ્યક્ષશ્રી અનારબેન પટેલ



૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંગઠન દ્વારા ૮ માર્ચને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે માન્યતા આપવામાં આવી હતી. ત્યારથી દર વર્ષે ૮ માર્ચે સમગ્ર વિશ્વમાં આ દિવસ ઉજવવામાં આવે છે.

દર વર્ષે ૮ માર્ચે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ માત્ર એક ઉજવણી નથી, પરંતુ મહિલાઓના હકો, સમાનતા અને સમાજમાં તેમના યોગદાનને માન આપવાનો અવસર છે. પરિવારથી લઈને સમાજ અને દેશના વિકાસ સુધી મહિલાઓનો ફાળો અતિ મહત્વનો રહ્યો છે.આજના સમયમાં મહિલાઓ શિક્ષણ, વિજ્ઞાન, રાજકારણ, વ્યવસાય અને રમત-ગમત જેવા દરેક ક્ષેત્રમાં પોતાનું વિશિષ્ટ સ્થાન બનાવી રહી છે. મહિલા દિવસએ નારી શક્તિના સન્માન, આત્મવિશ્વાસ અને પ્રેરણાની ઉજવણી કરવાનો દિવસ છે.

પરમ વંદનીય ઉત્તરપ્રદેશના રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલના દિકરી અનારબેન પટેલ મહિલા સશક્તિકરણનું ઉમદા સ્વરૂપ છે. એડિસને કહ્યું છે કે "ઈશ્વર બધી જ જગ્યાએ પહોંચી વળતો નથી ત્યારે તેને મા નું સર્જન કર્યું છે''.ગુજરાતના ખ્યાતનામ કેળવણીકાળ અને સેવાના ભેખધારી પૂજ્ય ડૉ.મફતભાઈ પટેલના સેવાહી પરમો ધર્મના આદર્શને જીવનમાં ચરિતાર્થ કરનાર દિકરી અનારબેન પટેલ પાટીદાર સમાજનું ગૌરવ છે.માતા-પિતાના ગર્ભસ્થ સંસ્કારો સેવાના પ્રાપ્ત થયા છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો "જનસેવા એજ પ્રભુ સેવા''ને સતત આકાર આપતા રહ્યાં છે.પૂજ્ય આનંદીબેન પટેલ એક શિક્ષિકાથી રાજ્યપાલ સુધી તેમની રાજદ્વારી યાત્રા સુખદ રહી છે. એક મહિલા શું કરી શકે તે જોવું અને જાણવુ હોય તો બેનશ્રી અને અનારબેનમાં જોવા મળે છે.પર્યાવરણના સંવર્ધન અને જતન માટે શ્રી જયેશભાઈ અને અનારબેન પટેલ સેવાકીય પ્રવૃતિ દાયકાઓથી કરતા આવ્યા છે. અનારબેનને પોતાના ઘરેથી જ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, સેવાકીય અને અધ્યાત્મિક સંસ્કારો ઘરેથી પ્રાપ્ત થયા.સ્લમ વિસ્તારના બાળકો માટે ઘણા વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિ કરાવીને સતત તે ક્ષેત્રે આગળ વધ્યા છે. વિનોબા ભાવેના શબ્દોમાં કહીએ તો "સેવા હી ઉપાસના હૈ'' હજારો પરિવાર અને બાળકોના શ્રી અનારબહેન પટેલ પર આશીર્વાદ છે. અનેક સામાજિક સંગઠનો સાથે જોડાયેલા છે.જેમાં સમાજસેવાની પ્રવૃતિ વ્યાપક હોય છે. આટલી બધી વ્યવસ્થા વચ્ચે પણ સેવાની વાત આવે એટલે આંતરિક ઊર્જા પ્રબળ બની જાય છે અને તે કાર્ય કરવા માટે હંમેશા ઉત્સુક રહે છે.



**સામાજિક અને શૈક્ષણિક**


ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

શ્રી અનારબેન પટેલ સૌ સમાજને સાથે રાખી ચાલે તેવું મહિલા સશક્તિકરણનું અનન્ય વ્યક્તિત્વ છે.સૌને સાથે રાખીને સેવાકીય પ્રવૃતિ કરવાની નેમ લઈને ફરે છે. છોડ નાનો હોય પછી ધીમે ધીમે એનો વિકાસ થાય છે ત્યારે તે છોડ વટ વૃક્ષ બને છે. તેમ સેવાકિય પ્રવૃતિથી કારકિર્દીનો પ્રારંભ કર્યો અને આજે કાગવડ ખોડલધામ સંગઠનના અધ્યક્ષ તરીકે અનારબેન પટેલનું નામ જાહેર થયું છે. અગાઉ તેઓ મહિલા પાંખના અધ્યક્ષ હતા, હવે સમગ્ર સંગઠનના સર્વેસર્વા બન્યા છે. ત્યારે ૨૦૨૭માં ૧૦મા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે ભવ્ય કાર્યક્રમની તૈયારી શરૂ થઈ છે.શ્રી અનારબેન પટેલ કાગવડ, ખોડલધામના અધ્યક્ષ બન્યા પછી પાટીદારોને એક પ્લેટફોર્મ ઉપર લાવશે.પાટીદારોની સામાજિક સંસ્થાઓ થકી એકતા નિર્માણ કરવામાં અગત્યનો ફાળો રહેલો છે. આધ્યાત્મિકતાની સાથે સાથે એકતા અનિવાર્ય છે. રાજ્યમાં ૧૮% વસ્તી ધરાવતા પાટીદારો સમગ્ર વિકાસનું કેન્દ્ર બિંદુ બને તે અનિવાર્ય છે. સમાજના લોકોને વચ્ચે જઈને શ્રી અનારબેન પટેલ યોગ્ય નેતૃત્વ પૂરું પાડશે. પાટીદાર સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, રોજગારી અને ખેતીમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી પાટીદારો પગભર થાય. સમાજની જે સમસ્યાઓ છે તેના નિરાકરણ માટે સૌ એક, નેક અને સર્વશ્રેષ્ઠ બને તે માટે પુરુષાર્થ થકી લક્ષ સુધી પહોંચવા શ્રી અનારબહેનનું માર્ગદર્શક અને પ્રેરણા સોનામાં સુગંધ ભરશે.

આગામી સમયમાં ખોડલધામનું સંગઠન કઈ રીતે મજબૂત બનાવવામાં આવે છે તેમજ રાજકીય પ્રભુત્વ પણ કઈ રીતે વધારવામાં આવે છે તે જોવું અતિ મહત્વનું બની રહેશે.ખોડલધામ કાગવડ ખાતે વર્ષ ૨૦૧૭માં ૧૭ જાન્યુઆરીથી લઈ ૨૧ જાન્યુઆરી પાંચ દિવસ સુધી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ચાલ્યો હતો. જે મહોત્સવમાં અંદાજિત ૭૫ લાખથી પણ વધુ ભક્તો ઉમટી પડ્યા હતા. ત્યારે ૧૦૦૮ કુંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને આ ૧૦૦૮ કુંડી યજ્ઞમાં ૬૦૪૮ જેટલા યજમાનો બેઠા હતા. તેમજ સમગ્ર આયોજનની નોંધ એશિયા બુક અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં કરવામાં આવ્યું.આટલું જ નહીં ખોડલધામ ટ્રસ્ટ દ્વારા હાલ રાજકોટના અમરેલી ગામ સ્થિત કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટનું નિર્માણ કાર્ય પણ કરવામાં આવી રહ્યું છે. આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે અનારબેનને ખુબ ખુબ શુભેચ્છા. તેઓ સમાજને યોગ્ય અને અસરકારક નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે. મા ઉમિયા, અન્નપૂર્ણા અને ખોડલ માતાજી વિરાટ શક્તિ પ્રદાન કરે તેવી આજના શુભ દિવસે પ્રાર્થના કરીએ છીએ. શ્રી અનારબેન પટેલ તમે આગળ વધો, સમગ્ર પાટીદાર સમાજ અને અન્ય સમાજ તમારી સાથે છે. તમારું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ છે. માતા અને પિતાના તેમજ આદરણીય જયેશકુમાર પટેલના સ્નેહ, સહકાર અને સેવાના ત્રિવેણી સંસ્કારો પ્રગતિનો પેગામ લાવશે તેવી ખાત્રી છે. ■

Mo.9825702282

# ઊંઘનું મહત્વ અને જરૂરીયાત



| કેટલી ઉંઘ લેવી જોઈએ ? | |
|---|---|
| ઉંમર | જરૂરી ઊંઘ (કલાક) |
| બાળકો (૬-૧૨ વર્ષ) | ૯ થી ૧૨ કલાક |
| યુવાનો (૧૮-૨૫ વર્ષ) | ૭ થી ૯ કલાક |
| પુખ્તવયનાલોકો (૨૬-૬૪ વર્ષ) | ૭ થી ૯ કલાક |
| વૃધ્ધો (૬૫ વર્ષ ) | ૭ થી ૮ કલાક |

જો તમે પૂરતી ઊંઘ ન લો તો શું થાય?

જ્યારે આપણે સતત ઓછી ઊંઘ લઈએ છીએ, ત્યારે શરીરમાં 'સ્લીપડેબ્ટ' (**Sleep Deb**) જમા થાય છે, જેના પરિણામે:

● બ્લડ શુગર વધવાનું જોખમ રહે છે.

● ચહેરા પર જલ્દી કરચલીઓ અને ડાર્કસર્કલ્સ દેખાય છે.

● રોગપ્રતિકારક શક્તિ નબળી પડતા વારંવાર બીમાર પડાય છે.

ઊંઘની સાયકલ સુધારવા માટે નીચેની બાબતો ખૂબ મદદરૂપ થશે:

૧. ઊંઘની સાયકલ (**Sleep Cycle**) સમજવી

આપણી ઊંઘ ૯૦ મિનિટના ચક્રમાં ચાલે છે. જેમાં બે મુખ્ય તબક્કા હોય છે:

● **Non-REM Sleep**: જેમાં શરીર રિપેર થાય છે અને હાડકાં-સ્નાયુઓ મજબૂત થાય છે.

● **REM Sleep (Dreaming)**: જેમાં મગજ માહિતી પ્રોસેસ કરે છે અને યાદશક્તિ તાજી કરે છે.જો તમે અધવચ્ચે જાગી જાઓ, તો આખા દિવસ દરમિયાન થાક અને સુસ્તી અનુભવાય છે.

૨. ઊંઘ લાવવા માટેના અસરકારક ઉપાયો

જો તમને પથારીમાં પડયા પછી લાંબો સમય ઊંઘ નથી આવતી, તો આ અજમાવી જુઓ:

● ૪-૭-૮ પધ્ધતિ (**Breathing Technique**): ૧. ૪ સેકન્ડ સુધી નાકથી શ્વાસ લો. ૨. ૭ સેકન્ડ સુધી શ્વાસ રોકી રાખો. ૩. ૮ સેકન્ડ સુધી મોઢેથી ધીમેથી શ્વાસ બહાર કાઢો.આનાથી મગજ શાંત થાય છે અને ઊંઘ જલ્દી આવે છે.

● ૧૫ મિનિટનો નિયમ:જો ૨૦ મિનિટ સુધી ઊંઘ ન આવે, તો પથારીમાંથી ઉભા થઈ જાવ. બીજા રૂમમાં જઈને ઓછો પ્રકાશ હોય ત્યાં પુસ્તક વાંચો અથવા ધીમું સંગીત સાંભળો. જ્યારે ફરીથી ઊંઘ જેવું લાગે ત્યારે જ પથારીમાં પાછા આવો.

● હળવી કસરત:દિવસ દરમિયાન ૩૦ મિનિટ ચાલવું કે કસરત કરવી રાતની ઊંઘ માટે વરદાન સમાન છે. પણ ધ્યાન રાખવું કે સૂવાના ૩ કલાક પહેલાં ભારે કસરત ન કરવી.

૩. રાત્રિના ખોરાક અને આદતો:

● હળદરવાળું દૂધ:દૂધમાં રહેલું 'ટ્રિપ્ટોફન' ઊંઘના હોર્મોન્સ વધારવામાં મદદ કરે છે.

● બપોરની ઊંઘ:જો તમે બપોરે ૨૦ મિનિટથી વધુ સમય ઊંઘો છો, તો રાત્રે ઊંઘ આવવામાં મુશ્કેલી પડી શકે છે. બપોરની નાની 'પાવર નેપ' (**Power Nap**) ૨૦ મિનિટથી વધુ ન હોવી જોઈએ.

એક મજેદાર વાત:વૈજ્ઞાનિકો કહે છે કે જે લોકો પૂરતી ઊંઘ લે છે, તેઓ વધુ આકર્ષક અને ખુશખુશાલ દેખાય છે. જેને આપણે 'બ્યુટીસ્લીપ' કહીએ છીએ.


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# ગામમાં વિચિત્ર પ્રકારની ગાડી જોઈને લગભગ આખું ગામ ભેગું થયું



ગામમાં વિચિત્ર પ્રકારની ગાડી જોઈને લગભગ આખું ગામ ભેગું થયું હતું. સૌની આંખો ગાડી ઉપર જ ટીંગાણી હતી.

બેરાલાલે પંખા વગરની સાયકલથી માંડીને ભડભડીયુ (રાજદૂત કંપનીનું મોટરસાયકલ) થી લયને આજનું હીરો કે હોન્ડા કે અન્ય વિવિધ પ્રકારના મોટરસાયકલ જોયાં હતાં. એમાં વાંકાં ચૂકા અને ઊંચા નીચા મોટરસાયકલ પણ આવી ગયાં.

ફોરવ્હીલમા પણ, એમ્બેસેડર અને મારૂતિની ઝેનથી માંડીને નાનાં શહેરોમાં રખડતી ગાડીઓ ભાળી હતી.

આ બેરાલાલને પણ આ લાલ કલરની વિચિત્ર પ્રકારની ગાડી જોઈને અચરજ થયું.

ગામડાં ગામમાં હારુ મોટરસાયકલ કે નવું મોટરસાયકલ માંડ માંડ આવે છે. એમાં ફોરવ્હીલ તો ભાગ્યે જ નવી આવે. લગભગ તો જૂનાં મોડલની અને જથ્થાબંધ ધૂમાડાના ગોટેગોટા કાઢતી ફોરવ્હીલ જ ગામમાં આવે. જેને રોજ સવારે શરુ કરવા માટે ધક્કા મારવા માટે ગોધરા સાઈડના ચાર માણસોને હાજરમાં રાખવાં પડે.

આવાં દિવસો બેરાલાલે અને લગભગ ગામડાએ જોયાં છે. જોતાં આવે છે.

એમાં આ વિચિત્ર ગાડી.

બેરાલાલને માથું ખંજવાળતા જોઈને બોસે કહ્યું.

"બેરાલાલ..! આ અચાનક કાગડાનાં મોઢામાં કંચન ક્યાંથી? આપણાં ગામડામાં કોઈ ફિલમ બિલમનુ શુટિંગ હાલે છે કે શું!? આવી ગાડી તો ગામડાં વાળાને સપનાં માંય નો આવે. અને આ નજરે દેખાય છે ઈ હંધૂય હું છે? અને એમાં કોણ છે??"

"બોસ, એવાં ભાગ્ય આપણાં ક્યાંથી. હવે તો ગામનાં છોકરાંઓ 'ય ગામમાં રહેતાં નથી. એનેય મોટાં શહેરોમાં જાવું છે. મોટાં શહેરોમાં છે, એને વિદેશ જાવું છે. તો પછી શહેરનાં છોકરાઓ ગામડામાં આવે કેમ ?"

"હા પણ, આવી મોંઘી ગાડીમાં આવ્યું છે કોણ?"

બોસની સાથે સાથે સૌને એજ પ્રશ્ન થયો.

અને સૌએ અભણ અમથાલાલ સામે જોયું.

"તમે બધાં મારી હામે કેમ જોવો છો ? મારાં મેમાન નથી હોં. છતાંય મને લાગે છે કે, આ હંધૂય ગૂગલ મેપનુ કારસ્તાન છે."

"ગૂગલ મેપ? ગામડામાં?? "હંધાય એકસાથે બોલ્યાં.

"ગામડામાં તો મોબાઈલનો ટાવર જ માંડ માંડ આવે છે. એમાં આ ગૂગલ મેપ વળી ક્યાંથી આવ્યું ?" "એજ તો કહું છું. કે આ હંધૂય ગૂગલ મેપની જ હરકત છે."

"પણ કેમ? કેવી રીતે??" "અજાણ્યા માણસો વટને ખાતર કોઈને રસ્તો પુછતાં નથી. અને ગાંડો ભરોસો ગૂગલ મેપ પર કરે છે. અને પછી હંમેશ મુજબ આપણામાં ગુજરાતી કહેવત છે. 'ભરોસાની ભેંહે પાડો જણ્યો.' આવું થાય છે.

આ ગૂગલ મેપ ક્યારે જંગલમાં લય જાય, ક્યારે આવી રીતે મોંઘી ગાડીને ગામડામાં લઈ આવે ઈ તો ગૂગલ મેપ જ જાણે."

"હા પણ એમાં બેઠું છે કોણ? કે પછી ઈય ગૂગલ મેપ જ ચલાવે છે !??"

"હવે ઈ તો ગાડીનાં કાળાં આભલાં ( કાચ) ઉતારે તો ખબર પડે ને કે અંદર કોણ બેઠું છે." "હા પણ, ફોરવ્હીલમાં તો આર ટી ઓ ના નિયમ છે ને કે, કાળાં કાચ નો રાખી શકાય!!"

"ઈ હંધાય નિયમો નાનાં માણસો માટે હોય છે. મોટાં માણસોને ક્યાં કોઈ પુછે છે કોઈ રોકે છે? એમને ક્યારેય દંડ આવે છે?? તમે જોયું નહીં ! સૌથી વધારે ગાડીઓ ભટકાવે છે કોણ? પૈસાવાળાના છોકરાઓ. મતલબ (બી પી એલ.) તમે ક્યારેય નાનાં માણસોનું ઠોબારુ ભટકાતાં જોયું?"

"હવે ઈ હંધૂય સરકાર જાણે અને એનું ખાતું હોય ઈ ખાતું જાણે. આપણે તો ઈ જાણવાનું છે કે, ગાડી કોની છે? અને ગાડીમાં કોણ છે??"

બેરાલાલે ઈશારાથી કહ્યું "એ મીસ્ટર તમે જે હોય એ, તમારી ગાડીનાં આભલાં જરા ઉતારો તો."

કોઈ જ હલચલ ના જણાતાં બોસે કડિયાળી ડાંગ ઉગામી. અને જાણે ચમત્કાર થયો.

ફટ્ કરતાં 'ક ને ગાડીનાં આભલાં ઉતરી ગયાં.

એક સાથે સૌનાં મોઢામાંથી એક જ અવાજ સંભળાયો.

"બનેવીલાલ તમે..!??"

"હા, હું. પણ, તમારી આ ડાંગ જરા આઘી રાખજો. નહીંતર લેવાં દેવા વગરની લાખો રૂપિયાની અડશે."

"પણ તમે અને આ મોંઘીડાટ ગાડી?? કાંઈ હમજણ ના પડી. આવી મોંઘી મોંઘી ગાડીઓ તો સેલીબ્રીટી જ રાખે. અને એને જ પોસાય. તો પછી..!!"

"હમજાવુ..હમજાવુ. આ એક રિહર્સલ છે."

"રિહર્સલ? ઈ વળી શાનુ? અને કેમ ??"

"જૂઓ ફ્રાન્સમાં આવી જ એક ફેરારી કંપનીની ગાડી લયને એક ભાઈ નીકળ્યાં.

આપણે ત્યાં આવી ગાડીને કોઈ ના રોકે. પોલીસવાળાઓ એની લાજ કાઢે. પણ ફ્રાન્સમાં આવું નથી. એટલે એક પોલીસવાળાએ આ ફેરારીને રોકી.

પોલીસવાળાએ એનો રેકોર્ડ જોયો.અને ચક્કર ખાઈ ગયો."

બેરાલાલ વચ્ચે જ બોલ્યા.

"પોલીસવાળાને સો બસોની નોટ પકડાવી દીધી હશે."

"ના..આ..! આપણે ભારતમાં આવું ચાલે. ફ્રાન્સમાં નહીં. "પોલીસવાળાએ એની સામે જોયું.

"તું બે -રોજગાર છે, તું બે -ઘર છે,તારી પાસે જમીન નથી, મિલકત નથી,નોકરી પણ નથી. અને તે નાદારી નોંધાવી છે.આમ કાગળ પર તું સાવ ગરીબ છો. તો પછી આ ફેરારી આવી ક્યાંથી?"

તપાસ કરતાં જાણવા મળ્યું કે, નાદારી નોંધાવનાર,બે -રોજગાર, બે -ઘર માણસને ત્યાંની સરકાર ફેમિલી એલાઉન્સ આપે છે. જાત જાતનાં ભથ્થાઓ આપે છે. એટલે આમ અમીર પણ કાગળ પર ગરીબ બનીને સરકારી સહાય મેળવી રહ્યો હતો.

"પણ આમાં તમને શું ફાયદો? તમે કેમ આવું કર્યું?"

"આપણે ત્યાં આવું ચાલે કે નહીં ? એ જોવા."

"બનેવી લાલ ! તમે મોડાં પડ્યાં. આપણે ત્યાં તો રાજકારણમાં આવું જ ચાલે છે. તેઓ આપણું જોઈને જ શીખ્યાં હશે."


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# ચાલો..સુન્ધા માતાના દર્શને



રાજસ્થાનના જાલોર જિલ્લામાં સુંધ ટેકરી પર સ્થિત માતા ચામુંડાનું લગભગ ૯૦૦ વર્ષ જૂનું મંદિર છે . જે માઉન્ટ આબુથી ૬૪ કિમી (૪૦ માઈલ)ના અંતરે આવેલું છે.

સુન્ધા પર્વત પર અરવલ્લી પર્વતમાળામાં ૧,૨૨૦ મીટર (૪,૦૦૦ ફૂટ) ઊંચાઈ પર આવેલું ચામુંડા દેવીનું મંદિર, જે ભક્તો દ્વારા સુંધા માતા તરીકે પૂજાય છે. જે જિલ્લા મુખ્યાલયથી ૧૦૫ કિમી (૬૫ માઈલ) અને ભીનમાલથી ૩૫ કિમી (૨૨ માઈલ)ના અંતરે રાનીવારા તાલુકાના દંતલાવ ગામ પાસે માલવાડાથી જસવંતપુરા રોડની મધ્ય પૂર્વમાં આવેલું છે.

ગુજરાત ,રાજસ્થાન અને ભારતભરમાંથી ભક્તો માના દર્શનાર્થે ઉમટે છે.અહીંનું વાતાવરણ લીલી-લીલી હરિયાળીથી હર્યું-ભર્યું અને આકર્ષક છે. પર્વત પર આખું વર્ષ ધોધ વહે છે. વિવિધ સમાજના ભક્તો માટે અનેક સમુદાય કેન્દ્ર સ્થાપ્યાં છે, રાત્રે ટેકરીની ટોચ પર રહેવા અને ચામુંડાની પૂજા કરવા માટે ખૂબ જ સારી સુવિધા મળી રહે છે .

સ્થાપત્ય:

સુંધા માતા મંદિર સફેદ આરસપહાણથી બનેલું છે , જે સ્તંભો આબુના દેલવાડા મંદિરના સ્તંભો જેવા છે. વિશાળ પથ્થર નીચે દેવી ચામુંડાની મૂર્તિ ઊભી છે. અહીં ચામુંડાના માથાની પૂજા કરાય છે. કહેવાય છે કે માતા ચામુંડાનું સૂંઢ કોર્ટામાં અને પગ સુંદરલા પાલ (જાલોર)માં સ્થાપિત છે. માતા ચામુંડાની સામે ભૂરભુવ સ્વવેશ્વર શિવલિંગ સ્થાપિત છે. મુખ્ય મંદિરમાં શિવ-પાર્વતીની જોડી મૂર્તિ , ગણેશની મૂર્તિ ખૂબ જૂની અને લુપ્ત મનાય છે.

ઈતિહાસ:

મંદિર પરિસરમાં ૩ ઐતિહાસિક મહત્વપૂર્ણ શિલાલેખ છે જે આ પ્રદેશના ઈતિહાસને ઉજાગર કરે છે. સુંધામાતા મંદિરનું નિર્માણ દેવળ પ્રતિહારો દ્વારા જાલોરના શાહી ચૌહાણોની મદદથી કરાયું હતું . પહેલો શિલાલેખ ઈ.સ.૧૨૬૨નો છે, જે ચૌહાણોના વિજય અને પરમારોના પતનનું વર્ણન કરે છે. બીજો શિલાલેખ ૧૩૨૬નો છે અને ત્રીજો ૧૭૨૭નો છે.સુંધ શિલાલેખો ઐતિહાસિક દ્રષ્ટિએ ખાસ મહત્વ ધરાવે છે - જેમ કે હરિષેન શિલાલેખ કે દિલ્હીનો મહેરૌલી સ્તંભ શિલાલેખ. સુંધ શિલાલેખો ભારતના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે.

પ્રાચીન સમયમાં આ મંદિરમાં નાથ યોગીઓ દ્વારા પૂજા કરાતી હતી. સિરોહી રાજ્યના સમ્રાટે "સોનાની", "ડેડોલ" અને "સુંધા કી ધની" ગામોની જમીન નાથ યોગી રાબડ નાથ ને આપી હતી, જેઓ તે સમયે સુંધા માતા મંદિરમાં પૂજા કરતા હતા. નાથ યોગી અજયનાથના મૃત્યુ પછી, પૂજા કરવા માટે કોઈ નહોતું તેથી રામનાથ (તે સમયે મેંગલવાના આયાસ)ને જવાબદારી લેવા ત્યાં લઈ જવાયા હતા. પ્રાચીન સમયમાં જોધપુરના રાજા મહારાજા જસવંત સિંહ દ્વારા મેંગલવા અને ચિત્રોડી ગામની જમીન આ નાથ યોગીઓને આપી હતી. તેથી મેંગલવાના નાથ યોગીઓને "આયાસ" કહેવાતા હતા. રામનાથના મૃત્યુ પછી, રામનાથના શિષ્ય બદ્રી નાથ સુંધા માતા મંદિરમાં આયાસ બન્યા અને પૂજાની જવાબદારી લીધી. તેમણે "સોનાની", "ડેડોલ", "મેંગલવા" અને "ચિત્રોડી" ની જમીનની પણ સંભાળ રાખી. સમય પસાર થતો ગયો તેમ, બધુ સંચાલન કરવા કોઈ નહોતું, તેથી મંદિરની દેખરેખ અને પર્યટનના સંચાલન માટે સુંધા માતા ટ્રસ્ટનું આયોજન કરાયું હતું.

જેસલમેરના શ્રી નાથજી સોની સાહેબ, જેસલમેર રાજ્યના શાહી ઝવેરીઓ પણ સુન્ધામાતાના અગ્રણી ભક્તોમાંના એક હતા, જે જાલોરના ભીનમાલમાં ચામુંડા માતાના અન્ય સ્વરૂપ હતા. સુંધા માતા લહેચા ગોત્રના શ્રીમાળી બ્રાહ્મણ સોનારા એટલે કે નાથાણી સોનારાના કુળદેવી છે.

સુંધામાતા રોપવે:

સુંધા પર્વત પર ચઢવા માટે રોપવે સેવા શરૂ કરાઈ છે, જેથી યાત્રાળુઓની યાત્રા સરળ બનવાની સાથે યાદગાર અનુભવ મળી રહે.

વન્યજીવન અભયારણ્ય:

નજીકમાં જ ૧૦૭ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું વન્યજીવન અભયારણ્ય જોવા-જાણવા-માણવાલાયક છે. જાવિયા વન વિસ્તારમાં આવેલા ખોડેશ્વર મહાદેવમાં વન્યજીવન અને કુદરતી સ્થળો પણ છે. સ્લોથ રીંછ, નીલગાય જંગલી બિલાડી, રણ શિયાળ, પટ્ટાવાળી શિયાળ, હનુમાન લંગુર, ગીધ, ઘુવડ, ભારતીય શાહુડી, ખડક અને જંગલ ઝાડી, બટેર, ટપકાંવાળા કબૂતર અને ૧૨૦ પ્રજાતિના પક્ષીઓ અહીં કુદરતી વાતાવરણમાં વિહરતાં જોવા મળે છે.

મેળા:

નવરાત્રી દરમિયાન ગુજરાત અને નજીકના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડે છે. આ સમય દરમિયાન ગુજરાત એસટી નિગમ પાલનપુર, ડીસા અને અન્ય સ્થળેથી નિયમિત બસ દોડાવે છે.

સુવિધા:

મંદિર નજીક અનેક જ્ઞાતિઓના ટ્રસ્ટ દ્વારા ભક્તો રાત્રિ દરમિયાન આરામ કરી શકે અને પર્વતના દશ્યોનો આનંદ માણી શકે તે માટે ધર્મશાળાઓ નિર્માણ કરાઈ છે.

પ્રવાસનામા

જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# બિલ્લી શીખે કમ્પ્યૂટર!




એક નાનકડું ગામ હતું. એ ગામમાં મનુ નામના છોકરાના ઘરે એક બહુ જ હોંશિયાર બિલાડી રહેતી હતી. એનું નામ હતું 'ચતુર બિલાડી'. ચતુર બિલાડી પોતાને બહુ જ સ્માર્ટ સમજતી. મનુ આખો દિવસ કમ્પ્યૂટર પર બેસીને કંઈક ને કંઈક કરતો રહેતો. બિલાડીને થયું, "આ મનુ આખો દિવસ આ ડબ્બામાં શું જોયા કરે છે? લાવ, આજે તો હું પણ શીખી લઉં!"

એક દિવસ મનુ બપોરે ઊંઘતો હતો. ચતુર બિલાડી દબાતા પગલે કમ્પ્યૂટર ટેબલ પર ચઢી ગઈ. એણે જોયું તો બાજુમાં એક નાનકડું કાળું સાધન પડ્યું હતું. મનુ એને 'માઉસ' કહેતો હતો.

બિલ્લીના કાન ચમક્યા! એણે વિચાર્યું, "અરે વાહ! મનુ તો બહુ નસીબદાર છે. એની પાસે તો આવું પ્લાસ્ટિકનું ઉંદરડું છે જે ક્યારેય ભાગતું નથી. લાવ, આજે તો આ ઉંદરનો શિકાર કરી લઉં!" બિલાડીએ જેવો માઉસ પર પંજો માર્યો કે તરત જ કમ્પ્યૂટરની સ્ક્રીન પર એક તીર (કર્સર) હલવા લાગ્યું. બિલાડી તો ડરી ગઈ! એને લાગ્યું કે ઉંદરડું અંદર છુપાયેલું છે.

બિલાડીએ માઉસ પકડવા માટે કૂદકો માર્યો અને એ સીધી જઈને પડી કીબોર્ડ પર. કીબોર્ડ પર એના પંજા પડતાં જ ટક-ટક-ટક અવાજ થવા લાગ્યો. સ્ક્રીન પર લખાયું: "**aaaaa bbbbb zzzzz**".

બિલાડી તો રાજી થઈ ગઈ! એને લાગ્યું કે એણે કોઈ નવી ભાષા શોધી કાઢી છે. એ તો કીબોર્ડ પર નાચવા લાગી. ક્યારેક 'એન્ટર' દબાય તો ક્યારેક 'સ્પેસ બાર'. કમ્પ્યૂટરમાંથી અચાનક અવાજ આવ્યો— "બ્રીપ... બ્રીપ...!" બિલાડીને લાગ્યું કે કમ્પ્યૂટર એની સાથે વાતો કરી રહ્યું છે. એણે પણ સામે જવાબ આપ્યો, "મ્યાઉં... મ્યાઉં...!"

નાચતા-નાચતા બિલાડીનો પંજો ક્યાંક એવો દબાયો ને એમાં એક વીડિયો પ્લે થયો. જેમાં ઘણા બધા ઉંદરડા દોડતા હતા. બિલાડીની આંખો તો ફાટી ગઈ! એણે વિચાર્યું, "ઓહો! આ ડબ્બામાં તો આટલા બધા ઉંદર? આજે તો પેટ ભરીને જમીશ!"

એણે જોરથી સ્ક્રીન પર પંજો માર્યો. પણ અરે! આ શું? ઉંદર તો પકડાતા જ નહોતા! એ તો કાચની પાછળ હતા. બિલાડીએ માથું ખંજવાળ્યું. એણે વિચાર્યું, "આ કમ્પ્યૂટરના ઉંદર તો બહુ પાકા છે, પકડાતા જ નથી!"

બિલ્લીની ધમાચકડી અને કીબોર્ડના અવાજથી મનુ જાગી ગયો. એણે જોયું તો બિલાડી ટેબલ પર બેસીને ગંભીરતાથી મોનિટર સામે જોઈ રહી હતી. મનુ ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું, "અરે ચતુર! તારે કમ્પ્યૂટર શીખવું છે? પણ આ માઉસ ખાવા માટે નથી, કામ કરવા માટે છે!"

મનુએ બિલાડીને ખોળામાં બેસાડી અને કમ્પ્યૂટર સામે બેસી ગયો. બિલ્લી એકીટશે મનુને જોઈ રહી!


રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જનક તળાવિયાના હસ્તે વિકાસકામોનું ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૦

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે કુલ રૂ.૭.૮૦ કરોડના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસકાર્યોથી બાબરા તાલુકાના અનેક ગામોમાં પ્રગતિની નવી દિશા ખુલશે. વિકાસ કામોની વિગત મુજબ, અમરવાલપુર ગામે રૂ.૨૩ લાખના ખર્ચે તળાવ રિપેરિંગ અને મિયા ખીજડીયા ગામે રૂ.૩૮ લાખના ખર્ચે બંધારા રિપેરિંગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જેનાથી પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો થશે. માર્ગ સુવિધા અંતર્ગત ગમા પીપળીયા-ચમારડી રિસર્ફેસિંગ રોડ માટે રૂ.૨.૧૦ કરોડ અને ગમા પીપળીયા-મિયા ખીજડીયા રોડ માટે રૂ.૯૦ લાખના કામોનો પ્રારંભ કરાયો હતો. આ ઉપરાંત, લોનકોટડા ગામે રૂ.૧.૮૦ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ, ખાનપર ગામે રૂ.૨૨.૫૦ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ અને રાયપર ગામે રૂ.૨.૪૦ લાખના ખર્ચે સી.સી. રોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ, બાબરા તાલુકા ભાજપ પ્રમુખ, સંગઠન મહામંત્રીઓ, સરપંચો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સ્થાનિક લોકોએ પાયાની સુવિધાઓ પૂરી પાડવા બદલ ધારાસભ્ય અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.



# વીજળી (સુધારા) બિલ ૨૦૨૫ના વિરોધમાં દેશભરના વીજ કર્મચારીઓ અને ઈજનેરોનું આંદોલન

અમરેલી,તા.૧૦

કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત 'વીજળી (સુધારા) બિલ ૨૦૨૫' ના વિરોધમાં આજે દેશભરમાં વીજ કર્મચારીઓ અને ઈજનેરોએ વિશાળ પ્રદર્શનો યોજ્યા હતા જેમા અમરેલીનું યુનિયન પણ જોડાયું હતુ. 'ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન' (AIPEF)ના આહવાન પર આયોજિત આ વિરોધ પ્રદર્શનમાં બિલને ખેડૂત, ગ્રાહક અને કર્મચારી વિરોધી ગણાવી તેને પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે.

AIPEFના ચેરમેન શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું કે, આ બિલથી વીજ વિતરણનું ખાનગીકરણ વધશે અને પાંચ વર્ષમાં 'ક્રોસ-સબસિડી' નાબૂદ થવાથી ખેડૂતો તથા સામાન્ય ગ્રાહકો પર વીજ બિલનું ભારણ અસહ્ય વધશે. ગુજરાતમાં પણ GEBEAના નેતૃત્વ હેઠળ ૭,૦૦૦ ઈજનેરો અને ૪૦,૦૦૦ કર્મચારીઓએ વિવિધ કચેરીઓ સામે સૂત્રોચ્ચાર કરી ખાનગીકરણનો સખત વિરોધ નોંધાવ્યો હતો. આ સંગઠનોએ ચેતવણી આપી છે કે જો સરકાર આ બિલ પાછું નહીં ખેંચે તો આગામી સમયમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.




-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.61/2026
જન્મ તારીખ : 01/06/1964

શ્રી ચેતનાબેન વા./ઓ. પ્રફુલભાઈ દેશાવલ ડો./ઓ. અમુલકભાઈ કાનાણી,
રહે.રામમંદિર પાસે ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત વેલણ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ચેતનાબેન વા./ઓ. પ્રફુલભાઈ દેશાવલ ડો./ઓ. અમુલકભાઈ કાનાણી, રહે. રામમંદિર પાસે ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અમુલકભાઈ કરશનભાઈ કાનાણી તથા ગુણવંતીબેન અમુલકભાઈ કાનાણી ના પુત્ર કિશોરભાઈ અમુલકભાઈ કાનાણીનો જન્મ તારીખ.01/06/1964ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.93/2026
જન્મ તારીખ : 01/11/1977

શ્રી બબીબેન મસરીભાઈ બાંભણીયા,
રહે.કોળીવાડો, આલીદર, ગામ-આલીદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત આલીદર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બબીબેન મસરીભાઈ બાંભણીયા,, રહે. કોળીવાડો, આલીદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રાણાભાઈ માંડણભાઈ જેઠવા તથા જાહુબેન રાણાભાઈ જેઠવા ના પુત્રી કાનુબેન રાણાભાઈ જેઠવાનો જન્મ તારીખ.01/11/1977ના રોજ કોડીનાર તાલુકાના આલીદર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા //-**

અરજી નં.44/2026
જન્મ તારીખ : 24/07/1993

નરેન્દ્રભાઈ ધરમશીભાઈ વિઠલાણી,
રહે.ગીરગઢડા, ગામ-ગીરગઢડા, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તા. ગીરગઢડા,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નરેન્દ્રભાઈ ધરમશીભાઈ વિઠલાણી, રહે.ગીરવઢડા, ગામ-ગીરગઢડા તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ વાળાએ તેમના પિતા સ્વ.ધરમશીભાઈ વિઠલદાસ વિઠલાણીનું મરણ તારીખ.24/07/1993ના રોજ ગીરગઢડા તાલુકાના ગ્રામ પંચાયત કચેરી સનવાવ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે કોર્ટમાં રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૬/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા//-**

અરજી નં.29/2026
જન્મ તારીખ : 16/03/2020

પ્રતાપ જેન્તીભાઈ મકવાણા,
રહે.થોરડી, ગામ-થોરડી, તાલુકો-ગીરગઢડા,
જિલ્લો-ગીરસોમનાથ ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, થોરડી, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પ્રતાપ જેન્તીભાઈ મકવાણા, રહે.થોરડી, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમની પુત્રી નિવ્યા પ્રતાપ મકવાણાનો જન્મ તારીખ.16/03/2020ના રોજ ગીરગઢડા તાલુકાના થોરડી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.79/2026
જન્મ તારીખ : 01/06/2018

શ્રી ફાતમાબેન ઈસાભાઈ ઢોકી
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ફાતમાબેન ઈસાભાઈ ઢોકી, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈસાભાઈ જાકુબભાઈ ઢોકી તથા ફાતમાબેન ઈસાભાઈ ઢોકી ના પુત્ર જુલ્ફાકાર ઈસાભાઈ ઢોકીનો જન્મ તારીખ.01/06/2018ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.91/2026
જન્મ તારીખ : 25/06/1971

શ્રી કુવરબેન પ્રેમજીભાઈ દડી
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત માઢવાડ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કુવરબેન પ્રેમજીભાઈ દડી, રહે. માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી પ્રેમજીભાઈ કાનજીભાઈ દડી તથા કુવરબેન પ્રેમજીભાઈ દડી ના પુત્ર યોગેશભાઈ પ્રેમજીભાઈ દડીનો જન્મ તારીખ.25/06/1971ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.104/2026
જન્મ તારીખ : 24/08/2011

શ્રી માનસિંગભાઈ નથુભાઈ સોલંકી
રહે.અરણેજ, ગામ-અરણેજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત અરણેજ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી માનસિંગભાઈ નથુભાઈ સોલંકી, રહે. અરણેજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી માનસિંગભાઈ નથુભાઈ સોલંકી તથા ઉષાબેન માનસિંગભાઈ સોલંકી ના પુત્રી કૃપા માનસિંગભાઈ સોલંકીનો જન્મ તારીખ.24/08/2011ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.78/2026
જન્મ તારીખ : 03/05/2016

શ્રી ફાતમાબેન ઈસાભાઈ ઢોકી
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ફાતમાબેન ઈસાભાઈ ઢોકી, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈસાભાઈ જાકુબભાઈ ઢોકી તથા ફાતમાબેન ઈસાભાઈ ઢોકી ના પુત્રી આરજુ ઈસાભાઈ ઢોકીનો જન્મ તારીખ.03/05/2016ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.100/2026
જન્મ તારીખ : 05/03/1980

શ્રી દિનબાળા નાનજીભાઈ ભટી,
રહે.મોચી બજાર, વાણંદ શેરી, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી દિનબાળા નાનજીભાઈ ભટી, રહે.મોચી બજાર, વાણંદ શેરી, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી નાનજીભાઈ રામજીભાઈ ભટી તથા દિનબાળા નાનજીભાઈ ભટી ના પુત્ર પ્રકાશ નાનજીભાઈ ભટીનો જન્મ તારીખ.05/03/1980ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.89/2026
જન્મ તારીખ : 30/10/1988

શ્રી વિનોદભાઈ કેશવભાઈ આંજરી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી વિનોદભાઈ કેશવભાઈ આંજરી, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કેશવભાઈ ભીખાભાઈ આંજરી તથા ના પુત્રી ધનલક્ષ્મીબેન કેશવભાઈ આંજરીનો જન્મ તારીખ.30/10/1988ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.106/2026
જન્મ તારીખ : 01/05/1992

ભેસલિયા ઓસમાણ જાકુબ
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભેસલિયા ઓસમાણ જાકુબ, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઓસમાણ જાકુબ ભેસલિયા તથા ફાતમાબેન ઓસમાણ ભેસલિયા ના પુત્ર સાદીક ઓસમાણ ભેસલિયાનો જન્મ તારીખ.01/05/1992ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.90/2026
જન્મ તારીખ : 12/04/1997

શ્રી સલમાબેન અલ્લારખા ખારાઈ
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સલમાબેન અલ્લારખા ખારાઈ, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અલ્લારખા આરબ ખારાઈ તથા સલમાબેન અલ્લારખા ખારાઈ ના પુત્રી બતુલ અલ્લારખા ખારાઈનો જન્મ તારીખ.12/04/1997ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.92/2026
જન્મ તારીખ : 02/02/2011

શ્રી હનેશ અબ્દુલ ગોવાલસરી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હનેશ અબ્દુલ ગોવાલસરી, રહે. મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી હનેશ અબ્દુલ ગોવાલસરી તથા રેશમાબેન હનેશ ગોવાલસરી ના પુત્રી શાબીરા હનેશ ગોવાલસરીનો જન્મ તારીખ.02/02/2011ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.105/2026
જન્મ તારીખ : 18/03/2010

શ્રી માનસિંગભાઈ નથુભાઈ સોલંકી
રહે.અરણેજ, ગામ-અરણેજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત અરણેજ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી માનસિંગભાઈ નથુભાઈ સોલંકી, રહે. અરણેજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી માનસિંગભાઈ નથુભાઈ સોલંકી તથા ઉષાબેન માનસિંગભાઈ સોલંકી ના પુત્રી દ્રષ્ટિબેન માનસિંગભાઈ સોલંકીનો જન્મ તારીખ.18/03/2010ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.107/2026
જન્મ તારીખ : 01/01/1964

શ્રી રયાબેન દાનાભાઈ બાંભણીયા,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત વેલણ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રયાબેન દાનાભાઈ બાંભણીયા, રહે. વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી દાનાભાઈ બાંભણીયા તથા ના પુત્રી મુળીબેન દાનાભાઈ બાંભણીયાનો જન્મ તારીખ.01/01/1964ના રોજ કોડીનાર તાલુકાના વેલણ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.108/2026
જન્મ તારીખ : 01/06/1995

શ્રી વેલુબેન નાનજીભાઈ ગોહીલ,
રહે.માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત માઢવાડ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી વેલુબેન નાનજીભાઈ ગોહીલ, રહે. માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી નાનજીભાઈ છગનભાઈ ગોહીલ તથા વેલુબેન નાનજીભાઈ ગોહીલ ના પુત્રી ઉષાબેન નાનજીભાઈ ગોહીલનો જન્મ તારીખ.01/06/1995ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# ભરણપોષણની રકમ પત્નીની નિષ્ક્રિયતાને પ્રોત્સાહન આપે તેવી ન હોવી જોઈએ : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૦



ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક કેસની સુનાવણી દરમિયાન નોંધ્યું છે કે પત્નીને આપવામાં આવતું ભરણપોષણ પતિની આવક અને જવાબદારીઓ કરતા અપ્રમાણસર ન હોવું જોઈએ. જસ્ટિસ પી.એમ. રાવલે સુરેન્દ્રનગર ફેમિલી કોર્ટના ભરણપોષણની રકમ બમણી કરવાના આદેશમાં સુધારો કર્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે અરજદાર પતિની માસિક આવક રૂ.૨૫,૯૦૦ છે અને તેમના પર ૭૬ વર્ષીય વૃદ્ધ માતાની પણ જવાબદારી છે. પત્ની એમ.કોમ. સુધી શિક્ષિત હોવા છતાં કમાતી નથી, ત્યારે ભરણપોષણની રકમ એટલી વધુ ન હોવી જોઈએ જે પત્નીની નિષ્ક્રિયતાને ઉત્તેજન આપે. હાઈકોર્ટે ફેમિલી કોર્ટના રૂ.૧૪,૦૦૦ ના હુકમને ઘટાડીને પત્ની અને સંતાન માટે કુલ રૂ.૧૨,૦૦૦ માસિક ભરણપોષણ નક્કી કર્યું છે.

# સુરતની મિલમાં સુરક્ષા સાધનો વિના ટાંકીમાં ઉતરેલા ૪ શ્રમિકોના ગૂંગળામણથી મોત

સુરત, તા.૧૦



પાંડેસરા GIDCની પારસ મિલમાં ભૂગર્ભ ટાંકી સાફ કરવા ઉતરેલા ૪ શ્રમિકોના ઝેરી ગેસની ગૂંગળામણથી કરુણ મોત નીપજ્યા છે. ઓક્સિજનના અભાવે એક શ્રમિક બેભાન થતા તેને બચાવવા ઉતરેલા અન્ય ત્રણ શ્રમિકો પણ ટાંકીમાં ફસાયા હતા. હોસ્પિટલ પહોંચતા પહેલા જ સોનુ કુમાર, દીપુ કુમાર, સંદીપ કુમાર અને મલેન્દ્ર પાસવાનના મોત નીપજ્યા હતા. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે કોન્ટ્રાક્ટર વિનોદ ગુપ્તાએ માસ્ક કે સેફ્ટી બેલ્ટ જેવા સુરક્ષા સાધનો વિના જ શ્રમિકોને ટાંકીમાં ઉતાર્યા હતા. બેદરકારી બદલ પોલીસે કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી છે અને મિલ મેનેજમેન્ટની સંડોવણી અંગે તપાસ તેજ કરી છે. સુરક્ષા નિયમોની ઘોર અવગણનાને કારણે ચાર પરિવારોએ પોતાના કમાઉ સભ્યો ગુમાવ્યા છે.

# ગુજરાતમાં હીટવેવનો પ્રકોપ : રાજકોટ સહિત ૪ શહેરોમાં પારો ૪૧ ડિગ્રીને પાર, હજુ ૩ દિવસ આકરી ગરમીની આગાહી

અમદાવાદ, તા.૧૦



ગુજરાતમાં કાળઝાળ ગરમીની શરૂઆત સાથે જ જનજીવન પ્રભાવિત થયું છે. રાજકોટ, અમદાવાદ, ડીસા અને કંડલામાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર કરી ગયો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી અંગ દઝાડતી ગરમી અને હીટવેવની આગાહી કરી છે, જેને પગલે રાજ્યના ૯ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૧૧ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં તાપમાન સામાન્ય કરતાં ૭ ડિગ્રી ઊંચું નોંધાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને સાવચેત રહેવા સૂચના અપાઈ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન નીચું હોવા છતાં ભેજને કારણે અસહ્ય બફારો અનુભવાઈ રહ્યો છે. ત્રણ દિવસના પ્રકોપ બાદ ગરમીમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે, જેનાથી લોકોને આંશિક રાહત મળી શકે છે. સતત બીજા વર્ષે માર્ચ મહિનામાં ગરમીએ રેકોર્ડ તોડતા જનતા મુશ્કેલીમાં મુકાઈ છે.